સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 08

[FEB - 2023]
[19/02/23 to 25/02/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

## સફળતાના સપ્તરંગ ICEને સંગ

**अभी नहीं तो**
**कभी नहीं**



# સપ્તરંગ ઓફર

**ICE**
**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

# 75% BIG DISCOUNT

| WITHOUT MATERIAL | | 6 MONTHS VALIDITY | | 12 MONTHS VALIDITY |
|---|---|---|---|---|
| TET 1 & 2 | ~~4000~~/- | 999/- | ~~6000~~/- | 1499/- |
| વનરક્ષક | ~~4000~~/- | 999/- | ~~6000~~/- | 1499/- |
| કોન્સ્ટેબલ | ~~10000~~/- | 2499/- | ~~14000~~/- | 3499/- |
| PSI-ASI | ~~12000~~/- | 2999/- | ~~16000~~/- | 3999/- |
| SSC - MTS | ~~4000~~/- | 999/- | ~~4800~~/- | 1199/- |
| GPSC 1/2 RECORDED | ~~32000~~/- | 7999/- | ~~36000~~/- | 8999/- |

**તલાટી-જુ.કલાર્ક માત્ર 499/-** 45 DAYS VALIDITY

iceonline એપ ડાઉનલોડ કરો Google Play | 93773-01110 (10:00am to 6:00pm)

# Timeline


**19 FEB-2023**

- દિવસ મહિમા : 19 ફેબ્રુઆરી, Soil Health Card Day ........ 02
- સુજલામ-સુફલામ જળ અભિયાન - 2023નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો ........ 02
- G-Secs : સરકારી સિક્યોરિટીઝના ધિરાણ અને ઉધાર માટેના ડ્રાફ્ટ ધોરણો ........ 03
- QUESTION ANSWERS ........ 06

**20 FEB-2023**

- દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice) ........ 07
- બંગાળને પરાજય આપીને સૌરાષ્ટ્ર વર્ષ 2022-23ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન ........ 07
- QUESTION ANSWERS ........ 10

**21 FEB-2023**

- દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day) ........ 11
- DUSTLIK 2023 : ભારત ઉઝબેકિસ્તાન સૈન્ય અભ્યાસ ........ 11
- યુએન સામાજિક વિકાસ કમિશન (UN Commission for Social Development) ........ 12
- શ્રી B.V.R. સુબ્રમણ્યમ નીતિ આયોગના નવા CEO ........ 13
- ઉત્તર ભારતનો પ્રથમ પરમાણુ પ્લાન્ટ હરિયાણામાં બનાવવામાં આવશે ........ 16
- QUESTION ANSWERS ........ 17

**22 FEB-2023**

- ભારત અને સિંગાપોરે UPI અને PAYNOWને લિંક કર્યું ........ 18
- GST કાઉન્સિલની 49મી બેઠક ........ 20
- ચંદ્રયાન -3 (Chandrayaan - 3) ........ 23
- દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2023 ........ 26
- QUESTION ANSWERS ........ 28

**23 FEB-2023**

- Gross Domestic Climate Risk Ranking ........ 29
- નાણાકીય સાક્ષરતા સપ્તાહ 2023 (Financial Literacy Week 2023) ........ 30
- સાગર પરિક્રમા (Sagar Parikrama) ........ 31
- ગુજરાતના પૂર્વ રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીનું નિધન ........ 31
- QUESTION ANSWERS ........ 33

**24 FEB-2023**

- દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, Central Excise Day ........ 34
- ધોરણ 1માં પ્રવેશ માટે લઘુત્તમ વય 6 વર્ષ ........ 34
- આદિ ગંગા પુનરુત્થાન યોજના (Adi Ganga Revival Plan) ........ 35
- માતૃત્વ મૃત્યુ વલણ (Trends in Maternal Mortality) : UN ........ 36
- QUESTION ANSWERS ........ 38

**25 FEB-2023**

- ભારત 2023 સુધીમાં વૈશ્વિક વૃદ્ધિમાં 15% યોગદાન આપશે : IMF ........ 39
- સિંગરેની થર્મલ પાવર પ્લાન્ટ (Singareni Thermal Power Plant - STPP) ........ 39
- સર્જિયો રામોસએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી ........ 41
- QUESTION ANSWERS ........ 41

**ONE LINER** ........ 42

**QUESTION OF THIS WEEK** ........ 49



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 ફેબ્રુઆરી, Soil Health Card Day

## સુજલામ-સુફલામ જળ અભિયાન - 2023નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સુજલામ સુફલામ જળ અભિયાન'ના છઠ્ઠા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામેથી કરાવ્યો હતો.



### આ અભિયાનનો ઉદ્દેશ

'સુજલામ સુફલામ જળ અભિયાન'નો મુખ્ય ઉદ્દેશ ભુગર્ભ જળસ્તર ઊંચા લાવવાનો છે.

- ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના ઉદ્દેશથી આ અભિયાનનો પ્રારંભ થયો હતો.

### આ અભિયાનની વિશેષતા

ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા માટે તેમજ જળ સંચયનો વ્યાપ વધારવા માટે આ અભિયાન અંતર્ગત ચેકડેમ, તળાવ, નદી વગેરે જેવા જળાશયો ઊંડા કરવામાં આવશે.

- ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના ઉદ્દેશથી આ અભિયાનનો પ્રારંભ થયો હતો.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખોરજ ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીનો આરંભ કરાવીને આ જળ અભિયાન વિધિવત રીતે શરૂ કરાવ્યું હતું.
- છઠ્ઠા તબક્કાનુ આ સુજલામ સુફલામ જળ અભિયાન તારીખ 31 મે 2023 સુધી એટલે કે 104 દિવસ સુધી યોજાશે.
- તળાવો ઊંડા કરવા, ચેકડેમના ડિસીલ્ટિંગ કામો, જળાશયના ડિસીલ્ટિંગ કામો, નદીઓના કાંપની સાફ સફાઈ કરી પુનર્જીવિત કરવાના કામો, ચેક ડેમ રીપેરિંગ તેમજ નવા ચેકડેમ જેવા જળસંચયના કામો સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ કરવામાં આવે છે.
- અગાઉના વર્ષ 2022માં આ અભિયાન દ્વારા 8450 કામો કરવામાં આવ્યા હતા.
- આ સાથે 5227 MGNREGA (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) હેઠળ કુલ 17,811 કામો અને 4134 કામો વિભાગીય રીતે હાથ ધરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સુજલામ સુફલામ જળ અભિયાનની સફળતા પગલે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં 74,509 કામો હાથ ધરીને જળ સંગ્રહ ક્ષમતામાં 86,196 લાખ ઘનફૂટનો વધારો થયો છે.
- 56,778 કિમી લંબાઈની નહેરોની સફાઈ કામો પણ વ્યાપક પણે હાથ ધરવામાં આવ્યા હતા.

### આ અભિયાનનો પ્રારંભ

1 મે 2018ને ગુજરાતના 58માં સ્થાપના દિન નિમિત્તે ગુજરાતમાં સૌપ્રથમ વખત આ અભિયાનનો પ્રારંભ થયો હતો.

- આ અંતર્ગત ગુજરાતમાં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામના તળાવથી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ રાજ્યવ્યાપી સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.
- વર્ષ 2018 બાદ 2019માં બીજા, 2020માં ત્રીજા, 2021માં ચોથા અને 2022માં પાંચમાં તબક્કાનું આયોજન થયું હતું.
- અને હવે આ વર્ષે 2023માં આ અભિયાનના છટ્ઠા તબક્કાનું આયોજન થયું છે.

## G-Sec : સરકારી સિક્યોરિટીઝના ધિરાણ અને ઉધાર માટેના ડ્રાફ્ટ ધોરણો

તાજેતરમાં RBIએ 'ભારતીય રિઝર્વ બેંક (સરકારી સિક્યોરિટીઝ લોન) નિર્દેશો 2023'નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે.

- ભારતીય રિઝર્વ બેંકે સરકારી સિક્યોરિટીઝ (G-Sec)માં સિક્યોરિટી ધિરાણ અને ઉધારની રજૂઆતની દરખાસ્ત કરી છે.
- તેનો હેતુ રોકાણકારોને નિષ્ક્રિય સિક્યોરિટીઝ સક્રિય કરવા અને પોર્ટફોલિયો રિટર્ન વધારવાની તક પૂરી પાડીને સિક્યોરિટીઝ ડેટ માર્કેટમાં વ્યાપક સહભાગિતાને સરળ બનાવવાનો છે.

### ડ્રાફ્ટિંગ માપદંડ

- સરકારી સુરક્ષા લોન (GSL) વ્યવહારો ઓછામાં ઓછા એક દિવસ અને વધુમાં વધુ 90 દિવસના સમયગાળા માટે કરવામાં આવશે.
- ટ્રેઝરી બિલ સિવાય કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલ સરકારી સિક્યોરિટીઝ GSL વ્યવહારો હેઠળ ધિરાણ ઉધાર લેવા માટે પાત્ર હશે.

- કેન્દ્ર સરકાર (ટ્રેઝરી બિલ સહિત) અને રાજ્ય સરકારો દ્વારા જારી કરાયેલ સરકારી સિક્યોરિટીઝ GSL વ્યવહારો હેઠળ કોલેટરલ તરીકે પાત્ર હશે.
- સરકારી સિક્યોરિટીઝમાં રેપો ટ્રાન્ઝેક્શન કરવા માટે લાયક એન્ટિટી અને રિઝર્વ બેન્ક દ્વારા મંજૂર કરાયેલ અન્ય કોઈપણ એન્ટિટી સિક્યોરિટીઝના ધિરાણ કર્તા તરીકે GSL વ્યવહારોમાં ભાગ લઈ શકે છે.

## સરકારી સિક્યોરિટીઝ

સરકારી સિક્યોરિટીઝ (G-Sec) એ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારો દ્વારા જારી કરાયેલ એક વેપારી સાધન (Instrument) છે.

- G-Sec એ એક પ્રકારનું લોન ઈન્સ્ટ્રુમેન્ટ છે જે સરકાર દ્વારા તેની રાજકોષીય ખાદ્યને ધિરાણ કરવા માટે જનતા પાસેથી નાણા ઉધાર લેવા માટે જારી કરવામાં આવે છે.
- નોંધનીય છે કે લોન ઈન્સ્ટ્રુમેન્ટ અથવા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ એ નાણાકીય સાધન છે જે ધારકને ચોક્કસ તારીખે મુદ્દલ અથવા ફેસ વેલ્યુ તરીકે ઓળખાતી ચોક્કસ રકમ ચૂકવવા માટે જારીકર્તા દ્વારા કરારબદ્ધ જવાબદારીનું પ્રતિનિધિત્વ કરે છે.
- તે સરકારના દેવાની જવાબદારી સ્વીકારે છે.
- આવી સિક્યુરિટી ટૂંકા ગાળાની (સામાન્ય રીતે એક વર્ષથી ઓછી મુદ્દતની મૂળ પરિપક્વતા સાથે હાલમાં ત્રણ મુદ્દતમાં જારી કરવામાં આવે છે. જેમ કે 91 દિવસ, 182 દિવસ અને 364 દિવસ) અથવા લાંબી મુદ્દત (સામાન્ય રીતે સરકારી બોન્ડ અથવા ડેટેડ સિક્યોરિટીઝ) એક વર્ષ કે તેથી વધુની મૂળ પરિપક્વતા મુદ્દત સાથે ટ્રેઝરી બિલ કહેવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ટ્રેઝરી બિલ અને બોન્ડ અથવા ડેટેડ સિક્યોરિટીઝ એમ બંને જારી કરી છે, જ્યારે રાજ્ય સરકારો માત્ર બોન્ડ અથવા ડેટેડ સિક્યોરિટીઝ જારી કરે છે, જેને સ્ટેટ ડેવલપમેન્ટ લોન (SDLs) કહેવાય છે.
- G-Secમાં વ્યાવહારીક રીતે ડિફોલ્ટનું કોઈ જોખમ હોતું નથી, તેથી તેને જોખમ–મુક્ત ગિલ્ટ એજ ઈન્સ્ટ્રુમેન્ટ કહેવામાં આવે છે.

**નોંધ :** ગિલ્ટ–એજ સિક્યોરિટીઝ એ ઉચ્ચ–ગ્રેડના રોકાણ બોન્ડ છે જે સરકારો અને મોટા કોર્પોરેશનો દ્વારા નાણા ઉધાર લેવાના સાધન તરીકે જારી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## G-Secના પ્રકાર

### (1) ટ્રેઝરી બિલ (T-Bill) :

- ટ્રેઝરી બિલ શૂન્ય કૂપન સિક્યોરિટીઝ છે અને કોઈ વ્યાજ ચૂકવતું નથી. તેને ડિસ્કાઉન્ટ પર જારી કરવામાં આવે છે અને પરિપક્વતા પર અંકિત મૂલ્ય (Face Value) પર રિડીમ કરવામાં આવે છે.

### (2) કેશ મેનેજમેન્ટ બિલ (CMBs) :

- વર્ષ 2010માં ભારત સરકારે RBI સાથે પરામર્શ કરીને ભારત સરકારના રોકડ પ્રવાહમાં કામચલાઉ અસંગતતાઓને દૂર કરવા માટે CMBs તરીકે ઓળખાતું એક નવું ટૂંકા ગાળાનું સાધન રજૂ કર્યુ હતું.
- CMBsમાં સામાન્ય રીતે T-બિલ જેવી જ લાક્ષણિકતાઓ હોય છે. પરંતુ તે 91 દિવસથી ઓછા સમયની પાકતી મુદ્દત માટે જારી કરવામાં આવે છે.

### (3) ડેટેડ G-Sec :

ડેટેડ G-Secs એ સિક્યુરિટીઝ છે, જેમાં નિશ્ચિત અથવા ફ્લોટિંગ કૂપન (વ્યાજ દર) હોય છે, જે અર્ધ–વાર્ષિક રૂપે ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) સાથે ચૂકવવામાં આવે છે.

- ડેટેડ સેક્યુરિટીઝની મુદ્દત સામાન્ય રીતે 5 વર્ષથી 40 વર્ષ સુધીની હોય છે.

### (4) રાજ્ય વિકાસ લોન :

રાજ્ય સરકારો બજારમાંથી લોન પણ મેળવી શકે છે, જેને SDL (State Development Loans) કહેવામાં આવે છે.

- SDL એ ડેટેડ સિક્યોરિટીઝ છે જે કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલ ડેટેડ સિક્યુરિટીઝ માટે કરવામાં આવતી હરાજી જેવી જ નિયમિત હરાજી દ્વારા જારી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






**1.** 'Soil Health Card Day' કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ?

(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી (C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી **(B)**

**2.** ફેબ્રુઆરી 2023માં ગુજરાતમાં જળસંચય માટે કયા અભિયાનનો પ્રારંભ થયો છે ?

(A) મુખ્યમંત્રી જળસંચય અભિયાન

(B) ગુજરાત જળસંચય અભિયાન

(C) સુજલામ સુફલામ જળસંચય–જનભાગીદારી–જળઅભિયાન

(D) સુજલામ – સુફલામ જળ અભિયાન **(D)**

**3.** ફેબ્રુઆરી 2023માં ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાનના કેટલામાં તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

(A) બીજા (B) ચોથા (C) પાંચમાં (D) છઠ્ઠા **(D)**

**4.** 'સુજલામ સુફલામ જળ અભિયાન'ના સંદર્ભમાં નીચેના પૈકી કયું/કયા વિધાન સાચા છે ?

1. ગુજરાતમાં જળસંચય વધારવા માટે તથા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
2. મે, 2018થી આ અભિયાનનો પ્રારંભ થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને ખોટા (D) 1 અને 2 બંને સાચા **(D)**

**5.** તાજેતરમાં RBIએ 'ભારતીય રિઝર્વ બેંક (સરકારી સિક્યોરિટીઝ લોન) નિર્દેશો -2023'નો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. આ ડ્રાફ્ટના માપદંડો સંબંધિત નીચેના નિવેદનો પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?


1. સરકારી સુરક્ષા લોન (GSL) વ્યવહારો ઓછામાં ઓછા એક દિવસ અને વધુમાં વધુ 90 દિવસના સમયગાળા માટે કરવામાં આવશે.
2. ટ્રેઝરી બિલ સિવાય કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલ સરકારી સિક્યોરિટીઝ GSL વ્યવહારો હેઠળ ધિરાણ ઉધાર લેવા માટે પાત્ર હશે.
3. કેન્દ્ર સરકાર (ટ્રેઝરી બિલ સહિત) અને રાજ્ય સરકારો દ્વારા જારી કરાયેલ સરકારી સિક્યોરિટીઝ GSL વ્યવહારો હેઠળ કોલેટરલ તરીકે પાત્ર હશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice)




દર વર્ષે 20 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ ગરીબી નાબૂદી, રોજગાર સર્જન, ન્યાયી કાર્યકારી પરિસ્થિતિઓ અને લિંગ સમાનતા વગેરે માટે આંતરરાષ્ટ્રીય પ્રયત્નોને વધુ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.
- સામાજિક ન્યાયના ખ્યાલને આગળ વધારવા માટે સમાજમાં લિંગ, વય, જાતિ, વંશીયતા, ધર્મ, સંસ્કૃતિ અથવા વિકલાંગતા જેવી અસમાનતાઓ દૂર કરવી પડશે.
- વર્ષ 2023ના વિશ્વ સામાજિક ન્યાય દિવસની થીમ 'Overcoming Barriers and Unleashing Opportunities for Social Justice' છે.

## બંગાળને પરાજય આપીને સૌરાષ્ટ્ર વર્ષ 2022-23ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન




તાજેતરમાં ભારતમાં રણજી ટ્રોફી 2022-23નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં બંગાળને પરાજય આપીને ગુજરાતના સૌરાષ્ટ્રની ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- આ અગાઉ 2019-20ની રણજી ટ્રોફીમાં પણ સૌરાષ્ટ્ર ચેમ્પિયન બન્યું હતું.
- આ સાથે સૌરાષ્ટ્રે રણજી ટ્રોફીનું બીજું ટાઈટલ જીત્યું છે.

**નોંધ :** ગુજરાતના સૌરાષ્ટ્રની નવાનગરની ટીમે 1936-37માં આ ટુર્નામેન્ટ જીતી હતી.

### રણજી ટ્રોફીની ફાઈનલ મેચ



સૌરાષ્ટ્ર અને બંગાળ વચ્ચેની 2022-23ની રણજી ટ્રોફીની ફાઈનલ મેચ પશ્ચિમ બંગાળના કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ પર યોજાઈ હતી.

- જેમાં સૌરાષ્ટ્રના કેપ્ટન શ્રી જયદેવ ઉનડકટ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

## પ્લેયર ઓફ ધ સિરીઝ

રણજી ટ્રોફી 2022-23માં સૌરાષ્ટ્રની ટીમના શ્રી અર્પિત વસાવડા 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર થયા હતા.



નોંધ : (1) આ ટુર્નામેન્ટમાં કર્ણાટક તરફથી રમતા શ્રી મયંક અગ્રવાલે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 990 રન ફટકાર્યા હતા.

(2) જ્યારે કેરળ તરફથી રમતા શ્રી જલજ સકસેનાએ 50 વિકેટ ઝડપી હતી.

(3) સૌરાષ્ટ્રની ટીમના કેપ્ટન શ્રી જયદેવ ઉનડકટ છે.

## રણજી ટ્રોફી ટુર્નામેન્ટ

રણજી ટ્રોફી એ ભારતની એક Domestic first class cricket championship (ઘરેલુ પ્રથમ શ્રેણીની ટુર્નામેન્ટ) છે.



- આ ટુર્નામેન્ટમાં ભારતના વિવિધ રાજ્યો તથા પ્રદેશોની ટીમ ભાગ લે છે.
- ભારતમાં 1934થી આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ 'ટેસ્ટ મેચ' ફોર્મેટમાં યોજાય છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમનારા ભારતના પ્રથમ ખેલાડી શ્રી રણજીતસિંહના નામ પરથી આ ટુર્નામેન્ટને 'રણજી ટ્રોફી' નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## રણજી ટ્રોફીમાં ગુજરાત

રણજી ટ્રોફીમાં ગુજરાત તરફથી હાલ ત્રણ ટીમો ભાગ લે છે :

(1) સૌરાષ્ટ્ર

(2) બરોડા (અથવા વડોદરા) અને

(3) ગુજરાત

- જેમાં સૌરાષ્ટ્રની ટીમ અગાઉ નવાનગર તથા વેસ્ટર્ન ઈન્ડિયા તરીકે ઓળખાતી હતી.
- જેમાંથી નવાનગરે 1936-37માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- જ્યારે વેસ્ટર્ન ઈન્ડિયાએ 1943-44માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- વર્તમાન સૌરાષ્ટ્રની ટીમે 1950-51થી રણજી ટ્રોફી રમવાનો પ્રારંભ કર્યો છે.
- ત્યારબાદ સૌરાષ્ટ્રની ટીમે રણજી ટ્રોફીમાં 2019-20 અને 2022-23 માં આ ટુર્નામેન્ટ જીતી હતી.

નોંધ : મુંબઈની ટીમે સૌથી વધુ એટલે કે 41 વખત રણજી ટ્રોફીની ટુર્નામેન્ટ જીતી છે.

# અન્ય ઘરેલું ક્રિકેટ ટુર્નામેન્ટ

## દુલીપ ટ્રોફી



દુલીપ ટ્રોફી નવાનગરના કુમાર શ્રી દુલીપ સિંહજીના નામ પરથી રાખવામાં આવી છે.

- તે ભારતની સ્થાનિક ફર્સ્ટ–ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
- જેની પ્રથમ આવૃત્તિ વર્ષ 1961-62માં રમાઈ હતી.

## વિજય હજારે ટ્રોફી



વિજય હજારે ટ્રોફી એ મર્યાદિત ઓવરોની સ્થાનિક ઘરેલું ટુર્નામેન્ટ છે.

- પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રી વિજય હજારેના નામ પરથી આ ટ્રોફીને નામ આપવામાં આવ્યું છે.
- વિજય હજારે ટ્રોફીમાં સૌથી સફળ ટીમ તમિલનાડુ છે તેમણે પાંચ વખત આ ટાઈટલ જીત્યું છે.

**નોંધ :** વિજય હજારે ટ્રોફી 2022-23માં પણ સૌરાષ્ટ્ર ચેમ્પિયન બન્યું હતું.

## દેવધર ટ્રોફી



દેવધર ટ્રોફી એ ભારતમાં વાર્ષિક ધોરણે યોજાતી પચાચ–ઓવરની સ્થાનિક ટુર્નામેન્ટ છે.

- જે સૌપ્રથમ 1973-74 સીઝનમાં શરૂ થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ઈરાની કપ



BCCIએ રણજી ટ્રોફી ચેમ્પિયનશિપના 25 વર્ષ પૂરા થવા પર 1960માં સ્વર્ગસ્થ શ્રી ઝેડ આર ઈરાની (Z.R.IRANI)ના નામે ઈરાની ટ્રોફીનું ઉદ્દઘાટન કર્યુ હતું.

- ઈરાની કપ એ ગત વર્ષની રણજી ટ્રોફી ચેમ્પિયન અને બાકીની ભારતીય ટીમ વચ્ચેની વાર્ષિક મેચ છે.

## સૈયદ મુસ્તાક અલી ટ્રોફી



BCCI દ્વારા 2008-09માં રજૂ કરવામાં આવેલ સૈયદ મુસ્તાક અલી ટ્રોફી એ T-20 ક્રિકેટ ડોમેસ્ટિક ચેમ્પિયનશિપ છે.

- જે રણજીટ્રોફીની ટીમો વચ્ચે યોજાય છે.

1. 'વિશ્વ સામાજિક ન્યાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ફેબ્રુઆરી (B) 19 ફેબ્રુઆરી (C) 20 ફેબ્રુઆરી (D) 21 ફેબ્રુઆરી — (C)

2. વર્ષ 2023ના 'વિશ્વ સામાજિક ન્યાય દિવસની થીમ જણાવો ?

(A) Closing the Inequalities Gap to Achive Social Justice

(B) A Call for Social in the Digital Economy

(C) Overcoming Barriers and Unleashing Opportunities for Social Justice

(D) ઉપર પૈકી એકપણ નહીં — (C)

3. રણજી ટ્રોફી 2022-23 વિજેતા ટીમનું નામ શું છે ?

(A) ગુજરાત (B) બંગાળ (C) સૌરાષ્ટ્ર (D) વિદર્ભ — (C)

4. સૌરાષ્ટ્રે કઈ ટીમને પરાજય આપીને 2022-23ની રણજી ટ્રોફીની ટુર્નામેન્ટ જીતી છે ?

(A) બંગાળ (B) બોમ્બે (C) મદ્રાસ (D) વિદર્ભ — (A)

5. વર્ષ 2022-23ની રણજી ટ્રોફી વિજેતા સૌરાષ્ટ્રની ટીમના કેપ્ટન કોણ હતા ?

(A) શ્રી અર્પિત વસાવડા (B) શ્રી જયદેવ ઉનડકટ

(C) શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (D) શ્રી રાહુલ દલાલ — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 21 ફેબ્રુઆરી, આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ (International Mother Language Day)

ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 17 નવેમ્બર, 1999ના રોજ યુનેસ્કો દ્વારા 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 21 ફેબ્રુઆરી, 2000ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- બાંગ્લાદેશમાં 1952માં થયેલી બંગાળી ભાષા ચળવળને માન્યતા આપવા માટે 21 ફેબ્રુઆરીના રોજ 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2023ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ '**Multilingual education - a necessity to transform education**' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## DUSTLIK 2023 : ભારત ઉઝબેકિસ્તાન સૈન્ય અભ્યાસ

ભારત અને ઉઝબેકિસ્તાને ઉત્તરાખંડના પિથોરાગઢ ખાતે સૈન્ય કવાયત '**DUSTLIK 2023**'ની ચોથી આવૃત્તિનું આયોજન કર્યુ હતું.

- આ કવાયત દરમિયાન દેશોએ તેમના સૈનિકોને મલ્ટી–ડોમેન કામગીરીમાં તાલીમ આપી અને તેમની કુશળતા શેર કરી હતી.
- વેસ્ટર્ન કમાન્ડની ભારતની ગઢવાલ રાઈફલ્સે આ કવાયતમાં ભાગ લીધો હતો અને ઉઝબેકિસ્તાનથી નોર્થ વેસ્ટર્ન મિલિટરી કમાન્ડે ભાગ લીધો હતો.
- **DUSTLIK** અભ્યાસ દર બે વર્ષે હાથ ધરવામાં આવે છે.

### અભ્યાસનું મહત્વ

ઉઝબેકિસ્તાનમાં હિસાર એરબેઝ (Hisar Air Base) ભારતીય વાયુસેના અને તાજિક વાયુસેના દ્વારા સંયુક્ત રીતે સંચાલિત થાય છે.

- તેને ગિસાર એર બેઝ (Gissar Air Base) પણ કહેવામાં આવે છે.
- અફઘાન કટોકટી દરમિયાન ભારતે આ બેઝનો વ્યાપક ઉપયોગ કર્યો હતો.

- ઉઝબેકિસ્તાન ઈરાન અને મધ્ય એશિયાઈ ક્ષેત્ર સાથે કનેક્ટિવિટી માટે ભારત માટે મહત્વપૂર્ણ છે.
- ભારત મધ્ય એશિયાઈ ક્ષેત્રમાં પોતાનો વેપાર વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ અફઘાનિસ્તાનમાં સંઘર્ષ એક મોટો અવરોધ છે.
- આવા સુરક્ષા મુદ્દાઓનો સામનો કરવા માટે ભારતને ઉઝબેકિસ્તાન જેવા અન્ય એશિયાના દેશોના સમર્થનની જરૂર છે.
- નોંધનીય છે કે આ કવાયતની પ્રથમ આવૃત્તિ નવેમ્બર, **2019માં** ઉઝબેકિસ્તાનમાં યોજાઈ હતી.

## યુએન સામાજિક વિકાસ કમિશન (UN Commission for Social Development)




વર્ષ **2023**માં યુએન સામાજિક વિકાસ આયોગના **62**માં સત્રના અધ્યક્ષ તરીકે ભારતની પસંદગી કરવામાં આવી છે.

- આ જાહેરાત સામાજિક વિકાસ આયોગની **13**મી પૂર્ણ સભા - **61**માંના સત્રમાં કરવામાં આવી હતી.
- યુએન કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટના **62**માં સત્રની થીમ "સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે **2030** એજન્ડાના અમલીકરણ પર પ્રગતિને વેગ આપવા અને ગરીબી નાબૂદીના સર્વોચ્ચ લક્ષ્યને હાંસલ કરવા માટે સામાજિક નીતિઓ દ્વારા સામાજિક વિકાસ અને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવું" છે. **(Fostering Social Development and Social Justice through Social Policies to accelerate Progress on the Implementation of the 2030 Agenda for Sustainable Development and to Achieve the Overarching goal of Poverty eradication)**
- **1975** પછી આ પ્રથમ વખત છે જ્યારે ભારત સામાજિક વિકાસ કમિશનનું અધ્યક્ષ બન્યું છે.


### યુએન કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ

સામાજિક વિકાસ કમિશન અથવા યુએન કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ એ કોપનહેગન ઘોષણા અને કાર્યવાહી, મોનિટરિંગ અને પ્રોગ્રામનું સંચાલન કરવા માટેના મુખ્ય કમિશનમાંનું એક છે.

- તેની સ્થાપના આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC) દ્વારા કરવામાં આવી હતી, જે સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગો પૈકી એક છે.

- કમિશનનો ઉદ્દેશ્ય ECOSOCને સલાહ આપવાનો છે, ખાસ કરીને એવા સામાજિક મુદ્દાઓ કે જેની સાથે સંયુક્ત રાષ્ટ્રની વિશિષ્ટ આંતર–સરકારી સંસ્થાઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવતી નથી.
- 1995માં સામાજિક વિકાસ માટે વિશ્વ સમિટ દરમિયાન અપનાવવામાં આવેલ કોપનહેગન ઘોષણા અને કાર્યવાહીનો કાર્યક્રમ લોકોને વિકાસના કેન્દ્રમાં રાખવાની જરૂરિયાત પર નવી સર્વસંમતિ રજૂ કરે છે.

## શ્રી B.V.R. સુબ્રમણ્યમ નીતિ આયોગના નવા CEO



તાજેતરમાં ભૂતપૂર્વ IAS અધિકારી શ્રી B.V.R. સુબ્રમણ્યમની નીતિ આયોગના નવા CEO તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેમણે શ્રી પરમેશ્વરન અય્યરનું સ્થાન લીધું છે.
- નીતિ આયોગના અગાઉના CEO શ્રી પરમેશ્વરન અય્યરને વિશ્વ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

આથી નીતિ આયોગના CEOનું પદ ખાલી થયું હતું.

### શ્રી બી.વી.આર. સુબ્રમણ્યમ

શ્રી બી.વી.આર સુબ્રમણ્યમ 1987ની બેચના છત્તીસગઢ કેડરના IAS અધિકારી હતા.

- તેમણે જમ્મુ અને કાશ્મીરના મુખ્ય સચિવ તરીકે સેવા આપી હતી.
- તેમણે 2004 થી 2008 દરમિયાન શ્રી મનમોહનસિંહના ખાનગી સચિવ તરીકે પણ સેવા આપી હતી.

### નીતિ આયોગ

નીતિ આયોગમાં NITIનું પૂરું નામ 'National Institution for Transforming India' છે.

- 1 જાન્યુઆરી, 2015 થી સરકાર દ્વારા આયોજન પંચના સ્થાને નીતિ આયોગની શરૂઆત કરવામાં આવી હતી.
- આયોજન પંચની રચના 15 માર્ચ, 1950ના રોજ કરવામાં આવી હતી.
- નીતિ આયોગ બંધારણીય કે વૈધાનિક (Statutory) સંસ્થા નથી, પરંતુ કેન્દ્રીય મંત્રી મંડળના આદેશ દ્વારા નિર્મિત્ત એક ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.
- નીતિ આયોગ એ ભારત સરકારની 'થિંક ટેંક' (Think Tank) છે.
- જે નીતિગત અને દિશાસૂચક એમ બંને પ્રકારના કાર્યો કરે છે.

## નીતિ આયોગનું માળખું

| | | |
|---|---|---|
| • અધ્યક્ષ | : | વડાપ્રધાન (હોદ્દાની રૂએ) |
| • ઉપાધ્યક્ષ | : | વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરવામાં આવશે |
| • CEO | : | નિશ્ચિત કાર્યકાળ માટે વડાપ્રધાન દ્વારા નિમણૂક, ભારત સરકારના સચિવ સમકક્ષ હોદો |
| • ગવર્નિંગ કાઉન્સિલ | : | તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો |
| • પ્રાદેશિક પરિષદ | : | વડાપ્રધાન અથવા તેમના દ્વારા નામાંકિત વ્યક્તિ ચોક્કસ પ્રાદેશિક મુદ્દાઓને સંબોધવા માટે મુખ્યમંત્રીઓ અને લેફ્ટન્ટ ગવર્નરોની બેઠકની અધ્યક્ષતા કરે છે. |
| • એડ–હોક સભ્યપદ | : | અગ્રણી સંશોધન સંથાઓમાંથી રોટેશનલ પર 2 હોદ્દેદાર સભ્યો. |
| • પૂર્વ– અધિકારી સભ્યો | : | વડાપ્રધાન શ્રી દ્વારા નોમિનેટ કરાયેલ કેન્દ્રીય મંત્રીપરિષદના વધુમાં વધુ ચાર સભ્યો. |
| • ખાસ આમંત્રિત સભ્યો | : | વડાપ્રધાનશ્રી દ્વારા નામાંકિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો |

## નીતિ આયોગના બે મુખ્ય કેન્દ્રો

- <u>ટીમ ઈન્ડિયા હબ</u> : રાજ્યો અને કેન્દ્ર વચ્ચે ઈન્ટરફેસ તરીકે કાર્ય કરે છે.
- <u>નોલેજ અને ઈનોવેશન હબ</u> : નીતિ આયોગની થિંક–ટેંકની જેમ કામ કરે છે.

## નીતિ આયોગના ઉદ્દેશ્યો

- મજબૂત રાજ્યો મજબૂત રાષ્ટ્રો બનાવે છે તથા દેશના વિકાસમાં રાજ્યનો ફાળો મહત્ત્વનો છે. આથી દેશના કોઈપણ નીતિગત કાર્યોમાં રાજ્યોની સક્રિય ભાગીદારી આવશ્યક છે. રાજ્યોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનું કાર્ય નીતિ આયોગ કરે છે. રાજ્યોની ભાગીદારી એ સહકારી સંઘવાદની ભાવનાને પરિપૂર્ણ કરે છે.
- ગ્રામ્ય સ્તરે યોજનાઓના અસરકારક અમલીકરણ માટે યોગ્ય પ્રક્રિયાઓનો વિકાસ કરવો અને તેનું મૂલ્યાંકન કરવું.
- સમાજના એવા વર્ગો પર વિશેષ ધ્યાન આપવું કે જેમને આર્થિક પ્રગત્તિનો પૂરતો લાભ મળતો નથી.
- મુખ્ય હિસ્સેદારો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય થિંક ટેન્ક જેમ કે શૈક્ષણિક અને નીતિ સંશોધન સંસ્થાઓ વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહિત કરવું.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, પેક્ટિશનરો અને અન્ય ભાગીદારો સાથે મળીને જ્ઞાન, નવીનતા અને સાહસિકતા સહાયક પ્રણાલીઓનું નિર્માણ કરવું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વિકાસ એજન્ડાના અમલીકરણને ઝડપી બનાવવા માટે આંતર–ક્ષેત્રિય અને આંતર–વિભાગીય મુદ્દાઓના નિરાકરણ માટે પ્લેટફોર્મ પૂરું પાડવું.
- સરકાર દ્વારા બનાવવામાં આવતી કોઈપણ આર્થિક નીતિ કે અન્ય બાબતોમાં રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવી.

## નીતિ આયોગ અને આયોજન પંચ

| નીતિ આયોગ | આયોજન પંચ |
|---|---|
| (1) સ્થાપના : 1 જાન્યુઆરી, 2015 (આયોજન પંચના સ્થાને) | (1) સ્થાપના : 15 માર્ચ, 1950 |
| (2) તે સલાહકાર 'થિંક ટેંક' તરીકે કામ કરે છે. | (2) તે બંધારણીય સંસ્થા તરીકે કામ કરતી હતી, જ્યારે તેને આવો દરજ્જો મળ્યો ન હતો. |
| (3) તે સભ્યોની વ્યાપક કુશળતા પર ભાર મુકે છે. | (3) તેની પાસે મર્યાદિત કુશળતા હતી. |
| (4) તે સહકારી સંઘવાદની ભાવના પર કામ કરે છે કારણ કે તે રાજ્યોની સમાન ભાગીદારીની ખાતરી કરે છે. | (4) તેની વાર્ષિક આયોજન બેઠકોમાં રાજ્યોની ભાગીદારી ઘણી ઓછી હતી. |
| (5) વડાપ્રધાન દ્વારા નિયુક્ત કરાયેલા સચિવોને CEO તરીકે ઓળખવામાં આવે છે. | (5) સામાન્ય પ્રક્રિયા દ્વારા CEOની નિમણૂક કરવામાં આવતી હતી. |
| (6) તે બોટમ–અપ એપ્રોચ પર કામ કરે છે. | (6) તે ટોપ ડાઉન એપ્રોચ પર કામ કરે છે. |
| (7) તેની પાસે નીતિઓ લાગુ કરવાની સત્તા નથી | (7) તે રાજ્યો માટે નીતિઓ ઘડી અને મંજૂર પ્રોજેક્ટ માટે ભંડોળ ફાળવતું હતું. |
| (8) તેની પાસે નાણા ફાળવવાની સત્તા નથી, જે નાણામંત્રીમાં નિહિત છે. | (8) તેની પાસે મંત્રાલયો અને રાજ્ય સરકારોને ભંડોળ ફાળવવાની સત્તા હતી. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) નીતિ આયોગના પ્રથમ CEO શ્રી સિંધુ શ્રી ખુલ્લર હતા. ત્યારબાદ શ્રી અમિતાભ કાન્તે CEO તરીકે 2016 થી 2022 સુધી અને ત્યારબાદ શ્રી પરમેશ્વરન ઐયરે સેવા આપી હતી.

(2) નીતિ આયોગના અધ્યક્ષ હોદ્દાનીરૂ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છે. તથા વર્તમાન ઉપાધ્યક્ષ શ્રી સુમન બેરી છે.

## ઉત્તર ભારતનો પ્રથમ પરમાણુ પ્લાન્ટ હરિયાણામાં બનાવવામાં આવશે.



કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે હરિયાણાના ગોરખપુર ખાતે નવો પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે.

- ઉત્તર ભારતમાં આ પ્રથમ પરમાણુ પ્લાન્ટ હશે.
- આ પ્લાન્ટ 560 હેક્ટર જમીન પર બનાવવામાં આવશે. તેનાંથી 2800 મેગાવોટ વીજળી ઉત્પન્ન થશે.
- 2014માં તેનો શિલાયન્સ કરવામાં આવ્યો હતો. જોકે બાંધકામ હમણા જ શરૂ થયું છે.
- પ્રથમ તબક્કો 2025 સુધીમાં અને બીજો તબક્કો 2028 સુધીમાં પૂર્ણ થશે.
- બીજો તબક્કો પૂર્ણ થયા બાદ 2800 મેગાવોટનો પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.




Registration Now

1. 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 ફેબ્રુઆરી (B) 20 ફેબ્રુઆરી (C) 21 ફેબ્રુઆરી (D) 22 ફેબ્રુઆરી **(C)**

2. UNESCO દ્વારા જાહેર કરવામાં આવેલી 2023ના 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ'ની થીમ શું છે ?

(A) Our Languages Our Assets

(B) Languages Without Borders

(C) Languages and World

(D) Multilingual education - a necessity to transform education **(D)**

3. ભારત અને કયા દેશ વચ્ચે તાજેતરમાં ઉત્તરાખંડના પિથોરાગઢ ખાતે સૈન્ય કવાયત 'DUSTLIK' (2023)ની ચોથી આવૃત્તિનું આયોજન થયું હતું ?

(A) ઉઝબેકિસ્તાન (B) કિર્ગીસ્તાન (C) ઓમાન (D) ઈઝરાયેલ **(A)**

4. વર્ષ 2023માં 'યુએન સામાજિક વિકાસ આયોગ' (UN Commission for Social Development)ના 62માં સત્રના અધ્યક્ષ તરીકે _____ દેશની પસંદગી કરવામાં આવી છે.

(A) ચીન (B) ભારત (C) જાપાન (D) ન્યૂઝીલેન્ડ **(B)**

5. તાજેતરમાં નીતિ આયોગના નવા CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રાજીવ મહેતા (B) શ્રી રાજીવ શુક્લા

(C) શ્રી બી.વી.આર. સુબ્રમણ્યમ (D) શ્રી એમ.વી. અય્યર **(C)**

6. તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રીએ જાહેરાત કરી હતી કે _____ રાજ્યના ગોરખપુર ખાતે નવો પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવશે. જે ઉત્તર ભારતમાં પ્રથમ પરમાણુ પ્લાન્ટ હશે.

(A) હરિયાણા (B) ઉત્તરપ્રદેશ (C) હિમાચલ પ્રદેશ (D) પંજાબ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત અને સિંગાપોરે UPI અને PAYNOWને લિંક કર્યુ

તાજેતરમાં ભારતનું UPI અને સિંગાપોરનું PayNow બંને દેશો વચ્ચે ઝડપી રેમિટન્સને સુનિશ્ચિત કરવા માટે એકિકૃત કરવામાં આવ્યું છે.




- સિંગાપોર પહેલો દેશ બન્યો છે જેની સાથે ક્રોસ બોર્ડર પર્સન–ટુ–પર્સન (P2P) પેમેન્ટ સુવિધા શરૂ કરવામાં આવી છે.
- UPI એ ભારતમાં મોબાઈલ પેમેન્ટ પદ્ધતિ છે. એ જ રીતે PAYNOW એ સિંગાપોરમાં મોબાઈલ પેમેન્ટ પદ્ધતિ છે.
- આ લિન્કિંગનું ઉદ્ઘાટન RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસ અને સિંગાપોરના મોનેટરી ઓથોરિટીના MD શ્રી રવિ મેનન દ્વારા કરવામાં આવ્યું હતું.
- UPI અને PayNow વચ્ચેની ભાગીદારી ક્લાઉડ–આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બિન–બેંક નાણાકીય સંસ્થાઓ દ્વારા સહભાગિતા દર્શાવતી વિશ્વની પ્રથમ ભાગીદારી છે.

### મહત્વ

આ પ્રોજેક્ટની સિંગાપોરમાં ભારતીય ડાયસ્પોરા, ખાસ કરીને વિદેશી કામદારો અને વિદ્યાર્થીને ઘણો ફાયદો થવાની અપેક્ષા છે.

- કારણ કે તે અન્ય ચૂકવણી પ્રણાલીઓને સામેલ કર્યા વિના બંને દેશો વચ્ચે ઝડપી અને ખર્ચ–અસરકારક નાણાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપે છે.
- વિદેશ મંત્રાલયના દસ્તાવેજ ઓવરસીઝ ઈન્ડિયન પોપ્યુલેશન (2022) મુજબ હાલમાં સિંગાપોરમાં આશરે 6.5 લાખ ભારતીયો છે. જેમાં NRI અને ભારતીય મૂળના લોકોનો સમાવેશ થાય છે.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રેમિટન્સ સર્વે 2021 અનુસાર વર્ષ 2020-21માં ભારતના કુલ ઈનવર્ડ રેમિટન્સમાં સિંગાપોરનો હિસ્સો 5.7% હતો.
- આ સિસ્ટમના એકીકરણથી રેમિટન્સ મોકલવાના ખર્ચમાં 10% સુધીનો ઘટાડો થઈ શકે છે.
- PayNow-UPI લિન્કેજ સિંગાપોર અને ભારત વચ્ચેના રેમિટન્સ ખર્ચ અને બિનકાર્યક્ષમતાને ઘટાડીને ચૂકવણી દ્વારા સિંગાપોર અને ભારતમાં વ્યક્તિઓ અને વ્યવસાયોને લાભ કરશે.
- આ લિન્કેજ દ્વારા ઈન્સ્ટન્ટ મની પ્રાપ્ત થશે, તેથી ઓનલાઈન શોપિંગ વધુ સરળ બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UPI

**UPIનું પૂરું નામ 'યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ' છે.**

- **નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)એ 2016માં 21 સભ્ય બેંકો સાથે UPIની શરૂઆત કરી હતી.**
- **UPI એ ભારતની મોબાઈલ–આધારિત ઝડપી ચૂકવણી સિસ્ટમ છે, જે ગ્રાહકો દ્વારા બનાવેલ વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (VPA)નો ઉપયોગ કરીને ચોવિસ કલાક ત્વરિત ચૂકવણી કરવાની મંજૂરી આપે છે.**
- **કેશલેશ ચૂકવણીને ઝડપી અને સરળ બનાવવા માટે તે તાત્કાલીક ચૂકવણી સેવા (IMPS) – રાઉન્ડ–ધ–ક્લોક ફંડ ટ્રાન્સફર સેવાનું અદ્યતન સંસ્કરણ છે.**
- **તેનાંથી બેંક ખાતાની વિગતો શેર કરવા મોકલનારનું જોખમ દૂર થાય છે.**
- **UPI વ્યક્તિ–થી–વ્યક્તિ (P2P) અને વ્યક્તિ–થી–વ્યાપારી (P2M) ચૂકવણી બંને સ્વીકારે છે અને વપરાશકર્તાને નાણાં મોકલવા અથવા પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે.**

## UPI સેવાની વિશેષતાઓ

**UPI સેવાની વિશેષતાઓ નીચે મુજબ છે :**

**(a) 24×7 અને 365 દિવસમાં મોબાઈલ ઉપકરણ દ્વારા તાત્કાલિક નાણાં ટ્રાન્સફર**

**(b) વિવિધ બેંક ખાતાઓ એક્સેસ કરવા માટે એક મોબાઈલ એપ્લિકેશન**

**(c) પુલ એન્ડ પુશ માટે ગ્રાહકનું વર્ચ્યુઅલ સરનામું વધારાની સુરક્ષા પ્રદાન કરે છે. જેમાં ગ્રાહકને કાર્ડ નંબર, એકાઉન્ટ નંબર, IFSC વગેરે દાખલ કરવાની જરૂર નથી.**

**(d) સિંગલ એપ્લિકેશન અથવા ઈન–એપ ચૂકવણી સાથે વેપારી ચૂકવણી.**

**(e) યુટિલિટી બિલ પેમેન્ટ્સ ઓવર ધ કાઉન્ટર પેમેન્ટ્સ QR કોડ (સ્કેન અને પે) આધારિત ચૂકવણી.**

## PayNow

**PayNow એ સિંગાપોરની ઝડપી પેમેન્ટ સિસ્ટમ છે.**

- **તે પીઅર–ટુ–પીઅર ફંડ ટ્રાન્સફર સેવાને સક્ષમ કરે છે.**
- **જે સિંગાપોરમાં રિટેલ ગ્રાહકો માટે ભાગીદાર બેંકો અને બિન–બેંક નાણાકીય સંસ્થાઓ(NFI) દ્વારા ઉપલબ્ધ છે.**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે વપરાશકર્તાઓને તેમના મોબાઈલ નંબર, સિંગાપોર નેશનલ રજિસ્ટ્રેશન આઈડેન્ટિ કાર્ડ NRIC અથવા ફોરેન આઈડેન્ટિફિકેશન નંબર (FIN) અથવા VPAનો ઉપયોગ કરીને સિંગાપોરમાં એક બેન્ક અથવા ઈ–વોલેટ એકાઉન્ટમાંથી બીજી બેંકમાં તરત જ નાણાં મોકલવા અને પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે.

## GST કાઉન્સિલની 49મી બેઠક



49મી GST કાઉન્સિલની બેઠક 18 ફેબ્રુઆરી, 2023ના રોજ નવી દિલ્હીમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામનની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

- આ બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી શ્રી પંકજ ચૌધરી ઉપરાંત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ અને નાણા અને રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોના મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### બેઠકની મુખ્ય વિશેષતાઓ

### GST અપીલીય ટ્રિબ્યુનલ

કાઉન્સિલે વિવાદોના નિરાકરણ માટે રાજ્ય બેન્ચ સાથે રાષ્ટ્રીય ન્યાયાધિકરણ પ્રણાલીની રચનાને મંજૂરી આપી હતી.

- હાઈકોર્ટ અને અન્ય ન્યાયિક મંચોને અસર કરતા વિવાદોની વધતી સંખ્યા સાથે ટ્રિબ્યુનલ આ વિવાદોને GST શાસન હેઠળ ઉકેલશે.
- ટ્રિબ્યુનલ માટે સક્ષમ કાયદાકીય જોગવાઈઓ આ વર્ષના ફાઈનાન્સ બિલમાં સામેલ થઈ શકે છે.
- GST ટ્રિબ્યુનલની નવી દિલ્હીમાં મુખ્ય બેન્ચ અને રાજ્યોમાં કેટલીક બેન્ચ અથવા બોર્ડ હશે.
- મુખ્ય બેન્ચ અને રાજ્ય બોર્ડમાં સમાન પ્રતિનિધિત્વ સાથે બે ટેક્નિકલ અને બે ન્યાયિક સભ્યો હશે.
- પરંતુ દરેક કેસની સુનાવણીમાં ચારેય સભ્યો હાજર રહેશે નહીં, તે કેસની હદ કે મહત્વના આધારે નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

### GST વળતર

GST કાઉન્સિલે રૂ.16,982 કરોડ (જૂન 2022 માટે)ની બાકી રકમની ચૂકવણીને મંજૂરી આપી છે.

- કાઉન્સિલે દિલ્હી, કર્ણાટક, ઓડિશા, પુડુચેરી, તમિલનાડુ અને તેલંગાણા સહિત છ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે રૂ.16,524 કરોડના વળતરને અંતિમ સ્વરૂપ આપ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓછા દંડ ચાર્જને મંજૂરી

કાઉન્સિલે વાર્ષિક રૂ.20 કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વ્યવસાયો દ્વારા વાર્ષિક રિટર્ન ફાઈલ કરવામાં વિલંબ માટે ઓછા દંડના ચાર્જને મંજૂરી આપી છે.

- કરદાતાઓ કે જેઓ ત્રણ વૈધાનિક રિટર્ન ફાઈલ કરવામાં અસમર્થ છે, તેમના માટે કાઉન્સિલે એક એમનેસ્ટી કાર્યક્રમ (માફી કાર્યક્રમ) અપનાવ્યો છે જેમાં શરતી મુક્તિ અથવા લેટ ફી ની માફીનો સમાવેશ થાય છે.

## દરમાં ફેરફાર

પેન્સિલ શાર્પનેર, રાબ (પ્રવાહી ગોળ) જેવી ઘણી વસ્તુઓ પર GST દરમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

- રાબ (પ્રવાહી ગોળ) પર GST 18%થી ઘટાડીને 5% કરવામાં આવ્યો હતો.
- પેન્સિલ શાર્પનેર પર GST 18%થી ઘટાડીને 12% કર્યો છે.
- કાઉન્સિલે શૈક્ષણિક સંસ્થાઓ અને કેન્દ્રીય તથા રાજ્ય શૈક્ષણિક બોર્ડને નેશનલ ટેસ્ટિંગ એજન્સી સહિતની કોઈપણ સત્તા દ્વારા પ્રવેશ પરીક્ષાઓ યોજવા માટે GST મુક્તિ આપવાનો પણ નિર્ણય કર્યો હતો.

## કરચોરી અટકાવવી

કાઉન્સિલે પાન મસાલા અને ગુટખા ઉત્પાદનો પર વસુલવામાં આવતા વળતર સેસને એડ વેલોરમ બેસિસ પરથી ચોક્કસ ધોરણે ખસેડવાનો નિર્ણય કર્યો છે.

- માલ–સામાન અને સેવાઓ પર તેમની કિંમત અનુસાર કર લાદવામાં આવે છે.
- તેનાથી પ્રથમ તબક્કાના મહેસુલ સંગ્રહને વેગ મળશે.
- કાઉન્સિલે એ પણ આદેશ આપ્યો છે કે GST પાલનની ખાતરી આપતા ગેરંટી પત્રો પર જ નિકાસને મંજૂરી આપવામાં આવશે.

## GST કાઉન્સિલ શું છે ?

GST કાઉન્સિલ કેન્દ્ર અને રાજ્યોનું સંયુક્ત મંચ છે.

- તથા તે ભારતમાં GSTના સંચાલન માટેની એક Governing Body છે.
- GSTના દરો તથા GST અંગેના રુલ્સ એન્ડ રેગ્યુલેશન્સનું સંચાલન આ GST કાઉન્સિલ દ્વારા જ થાય છે.
- કેન્દ્ર સરકારના નાણામંત્રી આ GST કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.
- ભારતના દરેક રાજ્યના નાણામંત્રી તેના સભ્ય હોય છે.

## વસ્તુ અને સેવા કર પરિષદનું માળખું (GST Council)

**GST કાઉન્સિલનું માળખું**

- કેન્દ્રીય નાણામંત્રી (હોદ્દાની રૂએ અધ્યક્ષ)
- કેન્દ્રીય રાજ્યકક્ષાના નાણામંત્રી (સભ્ય)
- દરેક રાજ્યના નાણામંત્રી (સભ્યો)

## GST કાઉન્સિલના કાર્ય અને ભલામણો

બંધારણના <u>અનુચ્છેદ 279</u> અનુસાર કાઉન્સિલ GST સંબંધિત મહત્વના મુદ્દાઓ પર કેન્દ્ર અને રાજ્યોને ભલામણો કરી શકે છે.

- જેમ કે GST મોડલ કાયદા હેઠળ GST હેઠળ કઈ વસ્તુઓ અને સેવાઓને મુક્તિ મળી શકે છે.
- તે GSTના વિવિધ સ્લેબ દરો પર પણ નિર્ણય લે છે.
- અરૂણાચલ પ્રદેશ, આસામ, જમ્મુ કાશ્મીર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યો માટે વિશેષ જોગવાઈ.
- GSTના સંબંધમાં કોઈ અન્ય વિષય જે પરિષદ દ્વારા નક્કી કરવામાં આવે તે વિષય સંદર્ભે ભલામણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## GST કાઉન્સિલમાં નિર્ણય

**GST કાઉન્સિલમાં નિર્ણય**

- મતદાનમાં કેન્દ્ર સરકારનો હિસ્સો 1/3 (33.33%)
- મતદાનમાં રાજ્ય સરકારનો હિસ્સો 2/3 (66.66%)
- કોઈપણ નિર્ણય હાજર અને મતદાન કરનારા સભ્યોના 3/4 (75%) બહુમતીથી લેવાશે.

## ચંદ્રયાન -3 (Chandrayaan - 3)

ચંદ્રયાન-3 એ ભારતનું ત્રીજું ચંદ્ર મિશન છે.

- ISROએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે લેન્ડરનું EMI-EMC પરીક્ષણ સફળ રહ્યું છે. EMI-EMC એ ઈલેક્ટ્રોમેગ્નેટિક પરીક્ષણો છે.
- આ પરીક્ષણ દરમિયાન લેન્ડર તપાસવામાં આવે છે કે શું તેની કામગીરી આસપાસના વાતાવરણમાં EM (ઈલેક્ટ્રો મેગ્નેટિક) દખલનું કારણ બની રહી છે.

### EMI-EMC ટેસ્ટ શું છે ?

EMI એટલે ઈલેક્ટ્રોમેગ્નેટિક ઈન્ટરફરન્સ ટેસ્ટ અને EMC એટલે ઈલેક્ટ્રો મેગ્નેટિક કોમ્પેટિબિલિટી ટેસ્ટ.

- સફળ લેન્ડિંગ અને કામગીરી માટે લેન્ડરનો ભાગ EMI અને EMC પરીક્ષણો પાસ કરે તે જરૂરી છે.

### મહત્વ

જો લેન્ડર ટેસ્ટ પાસ ન કરે અથવા ટેસ્ટ આંશિક રીતે પૂર્ણ થઈ જાય તો આખુ ચંદ્રયાન 3 વ્યર્થ થઈ શકે છે.

- કોઈપણ ઈલેક્ટ્રોનિક ઘટક માટે ઈલેક્ટ્રો મેગ્નેટિક તરંગોને અવરોધિત કરવું આવશ્યક છે.
- આ ઉપરાંત ઘટક કોઈપણ ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો બહાર કાઢે નહીં. જો તે EM તરંગોને ઉત્સર્જિત કરતુ નથી અથવા અવરોધિત કરતું નથી તો ઘટકમાં પ્રાપ્ત મોકલેલી અથવા ઉત્પાદિત ઊર્જા અને સંકેતો વિક્ષેપિત થાય છે. ત્યાં એક ગેરસંચાર છે અને મિશન નિષ્ફળ જાય છે.
- સંભવત આ કારણોસર ચંદ્રયાન 2 લેન્ડર ચંદ્રની સપાટી પર ક્રેશ થયું હતું.



### મિશન ચંદ્રયાન-3

મિશન ચંદ્રયાન-3 એ જુલાઈ 2019ના ચંદ્રયાન-2 મિશનનું અનુવર્તી અથવા અનુગામી મિશન છે. જેનો ઉદ્દેશ્ય ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર રોવરને લેન્ડ કરવાનો હતો.

- વિક્રમ લેન્ડરની નિષ્ફળતા બાદ લેન્ડિંગ ક્ષમતાઓ દર્શાવવા માટે બીજા મિશનની શોધ કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી.
- ચંદ્રયાન-3 એ ચંદ્રયાન-2નું મિશન રિપીટ હશે પરંતુ તેમાં માત્ર ચંદ્રયાન-2 જેવું જ લેન્ડર અને રોવર સામેલ હશે.
- તેમાં ઓર્બિટર અને લેન્ડિંગ મોડ્યુલ હશે. જોકે આ ઓર્બિટર ચંદ્રયાન-2 જેવા વૈજ્ઞાનિક સાધનોથી સજ્જ નહીં હોય.

## ચંદ્રયાન-2 મિશન વિશે

22 જુલાઈ, 2019ના રોજ ISRO એ મિશન ચંદ્રયાન-2 લોન્ચ કર્યું હતું.

- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- **GSLV MK III-MK1** નામના ભારતના સૌથી કદાવર અને આધુનિક રોકેટ દ્વારા ચંદ્રયાન-2 લોન્ચ કરવામાં આવ્યું હતું.
- 7 સપ્ટેમ્બર, 2019ની મધરાત બાદ લગભગ 1 વાગ્યેને 52 મિનિટે ભારતના ચંદ્રયાન-2નું લેન્ડર વિક્રમ જ્યારે ચંદ્રની ધરતીથી 2.1 કિ.મી. દૂર હતું ત્યારે જ તેની સાથે સંપર્ક કપાઈ ગયો હતો.
- આથી, ચંદ્રયાન-2 ઈતિહાસ સર્જી શક્યું ન હતું.
- ભારતનું મિશન ચંદ્રયાન-2 ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું :

(1) Orbiter, (2) Lander (વિક્રમ) અને (3) Rover (પ્રજ્ઞાન)

**(1) Orbiter :**

ચંદ્રયાન-2ના ઓર્બિટરને ચંદ્રની સપાટીથી 100 કિ.મી. દૂરની કક્ષામાં સ્થાપિત કરવું.

**(2) Lander :**

ચંદ્રયાન-2ના લેન્ડર 'વિક્રમ'નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરાવવું અને

**(3) Rover :**

ચંદ્રયાન-2ના રોવર 'પ્રજ્ઞાન' દ્વારા ચંદ્રની ધરતી પરથી માટી અને ખડકોના નમૂના એકત્ર કરવા અને તેનો ડેટા પૃથ્વી સુધી પહોંચાડવો.

- ઉપરોક્ત ત્રણમાંથી ચંદ્રયાન-2નું ઓર્બિટર ચંદ્રની કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપ્તિ થઈ ગયું હતું.
- જ્યારે ચંદ્રયાન-2ના બાકીના બે ઉદ્દેશો પૂરા થાય એ પહેલા જ તેના લેન્ડર 'વિક્રમ' સાથેનો ઈસરોનો સંપર્ક કપાઈ ગયો હતો.
- ચંદ્રયાન મિશન-2 લગભગ 95 ટકા સફળ રહ્યું હતું.
- જોકે ચંદ્રયાન-2નું ઓર્બિટર સુરક્ષિત છે. જે ચંદ્રની પ્રદક્ષિણા કરી રહ્યું છે ..... અને ચંદ્ર વિશે માહિતી આપતું રહેશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## GSLV MK III



**GSLV MK III** એ ત્રણ ચરણનું ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલું રોકેટ છે.


- GSLVને લોન્ચ વ્હીકલ માર્ક-3 (LVM-3) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ત્રણ ચરણના રોકેટમાં પહેલા ચરણમાં બે નક્કર ઈંધણવાળા ચેમ્બર છે.
- બીજા ચરણમાં આ રોકેટમાં તરલ ઈંધણવાળુ પ્રણોદક છે.
- અને ત્રીજા ચરણમાં ક્રાયોજેનિક એન્જિન લગાવેલું છે.
- આ રોકેટ 4 ટન અથવા તો 4000 કિલોગ્રામ વજન સુધીના ઉપગ્રહોને ઉચ્ચ કક્ષામાં તરતા મૂકી શકે છે.
- જ્યારે આ રોકેટ દ્વારા 10 ટન અથવા તો 10,000 કિલોગ્રામ સુધીના ઉપગ્રહોને નીચલી કક્ષામાં સ્થાપિત કરી શકાય છે.
- GSLVનું પૂરું નામ 'Geosynchronous Satellite Launch Vehicle' છે.

## ચંદ્રયાન-1

**ચંદ્રયાન-1** એ ભારત દ્વારા ચંદ્ર પર લોન્ચ કરવામાં આવેલું ભારતનું પ્રથમ ચંદ્રયાન હતું.

- **22 ઓક્ટોબર, 2008**ના રોજ તેનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું અને **28 ઓગસ્ટ, 2009** સુધી તેને ઓપરેટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનો સંપર્ક કપાઈ ગયો હતો.
- આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટરના બીજા નંબરના લોન્ચ પેડ પરથી **PSLV-XL C11** નામના રોકેટ દ્વારા **ચંદ્રયાન-1** લોન્ચ કરવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) ચંદ્રયાન-2નું કુલ વજન : 3850 KGથી વધુ હતું.
(2) ચંદ્રયાન-2ના લેન્ડર વિક્રમનું અંદાજિત વજન 1471 કિલોગ્રામ જેટલું હતું.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2023

દાદા સાહેબ ફાળકે એવોર્ડ સિનેમા ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવોર્ડ છે.

- ડિરોક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા 2023ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.
- મુંબઈએ 2023 દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ સમારોહનું આયોજન કર્યુ હતું.

### દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2023ના વિજેતાઓ

| ક્રમ | કેટેગરી | વિજેતા |
|---|---|---|
| 1. | બેસ્ટ ફિલ્મ | કાશ્મીર ફાઈલ્સ |
| 2. | ફિલ્મ ઓફ ધ યર | RRR |
| 3. | બેસ્ટ એક્ટર (અભિનેતા) | શ્રી રણબીર કપુર (બ્રહ્માસ્ત્ર ભાગ 1 : શિવા) |
| 4. | બેસ્ટ એક્ટ્રેસ (અભિનેત્રી) | સુશ્રી આલિયા ભટ્ટ (ગંગુબાઈ કાઠિયાવાડી) |
| 5. | ક્રિટિક્સ બેસ્ટ એક્ટર | શ્રી વરુણ ધવન (ભેડિયા) |
| 6. | ક્રિટિક્સ બેસ્ટ એક્ટ્રેસ | વિદ્યા–બાલન (જલસા) |
| 7. | બેસ્ટ ડિરેક્ટર (દિગ્દર્શક) | શ્રી આર બાલકી (ચુપ) |
| 8. | બેસ્ટ સિનેમેટોગ્રાફર | શ્રી પી.એસ.વિનોદ (વિક્રમ વેધા) |
| 9. | મોસ્ટ પ્રોમિસિંગ એક્ટર | શ્રી ઋષભ શેટ્ટી (કંતારા ફિલ્મ માટે) |
| 10. | બેસ્ટ પ્લેબેક સિંગર (પુરૂષ) | શ્રી સચેત ટંડન (મૈયા મેનુ–જર્સી) |
| 11. | બેસ્ટ પ્લેબેક સિંગર (ફિમેલ) | સુશ્રી નીતિ મોહન (મેરી જાન–ગંગુબાઈ કાઠિયાવાડી) |
| 12. | બેસ્ટ વેબ સિરીઝ | રુદ્ર (હિન્દી) |
| 13. | મોસ્ટ વર્સેટાઈલ એક્ટર | શ્રી અનુપમ ખેર (ધ કાશ્મીર ફાઈલ) |
| 14. | વર્ષની ટેલિવિઝન શ્રેણી | અનુપમા |
| 15. | ટેલિવિઝન શ્રેણીમાં બેસ્ટ અભિનેતા | ફના માટે ઝૈન ઈમામ |
| 16. | ટેલિવિઝન શ્રેણીમાં બેસ્ટ અભિનેત્રી | તેજસ્વી પ્રકાશ (નાગિન) |
| 17. | ફિલ્મ ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2023 | સુશ્રી રેખા |
| 18. | સંગીત ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2023 | હરિહરન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દાદા સાહેબ ફાળકે એવોર્ડ




દાદા સાહેબ ફાળકે પુરસ્કાર એ ભારતનો ફિલ્મ ક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

- ભારતીય સિનેમામાં કોઈ વ્યક્તિના આજીવન યોગદાનને ધ્યાનમાં રાખીને આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ.10 લાખ રોકડા, સ્વર્ણ કમળ ચંદ્રક અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે.
- 1969માં સૌપ્રથમ સુશ્રી દેવીકા રાણીને 17મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

**નોંધ :** ભારતમાં કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા સ્થાપિત ડિરોક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS





Registration Now

1. તાજેતરમાં UPI અને PayNowને લિંક કરવામાં આવ્યું છે. જેમાં UPI ભારતનું છે જ્યારે PayNow કયા દેશનું છે ?

(A) જાપાન (B) અમેરિકા (C) સિંગાપોર (D) ઈરાન **(C)**

2. તાજેતરમાં GST કાઉન્સિલની 49મી બેઠક યોજાઈ હતી. જેમાં રાબ (પ્રવાહી ગોળ) પર GST 18%થી ઘટાડીને _____ કરવામાં આવ્યો છે.

(A) 5% (B) 10% (C) 14% (D) 16% **(A)**

3. નીચે આપેલ વિધાનોમાંથી કયું/કયા વિધાન/વિધાનો સાચું /સાચા છે ?

1. GST કાઉન્સિલ એ કેન્દ્ર અને રાજ્યોનું સંયુક્ત મંચ છે.
2. GST કાઉન્સિલનો દરેક નિર્ણય તેની બેઠકમાં હાજર અને મતદાન કરનારા સભ્યોના ભારાંકના બે તૃતીયાંશ મતની બહુમતી સાથે લેવામાં આવશે.
3. કેન્દ્ર સરકારના મતનું વજન પડેલા મતના ત્રીજા ભાગનું હશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(A)**

4. તાજેતરમાં ISROએ જાહેરાત કરી હતી કે _____ મિશનના લેન્ડરનું EMI-EMC પરીક્ષણ સફળ રહ્યું છે.

(A) ચંદ્રયાન મિશન - 3 (B) શુક્ર મિશન - 3 (C) મંગળ મિશન - 3 (D) ગુરૂ મિશન - 3 **(A)**

5. દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ્ઝ 2023 અંતર્ગત ‘બેસ્ટ ફિલ્મ’નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) બ્રહ્માસ્ત્ર (B) રામસેતુ (C) કાશ્મીર ફાઈલ્સ (D) થેન્ક ગોડ **(C)**

6. દાદા સાહેબ ફાળકે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ 2023 અંતર્ગત ‘બેસ્ટ એક્ટર’નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) રણબીર કપુર (B) શાહરૂખ ખાન (C) શાહિદ કપુર (D) અર્જુન કપુર **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Gross Domestic Climate Risk Ranking

તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સ્થિત ક્રોસ ડિપેન્ડન્સી ઈનિશિયેટિવ અથવા XDI દ્વારા 'ગ્રોસ ડોમેસ્ટિક ક્લાઈમેટ રિસ્ક' પર એક અહેવાલ બહાર પાડ્યો હતો.

- ક્રોસ ડિપેન્ડન્સી ઈનિશિયેટિવ એ બિઝનેસ કન્સલ્ટન્ટ છે. જે ક્લાઈમેટ રિસ્કમાં નિષ્ણાત છે.
- આ અહેવાલ મુજબ આબોહવા જોખમોનો સામનો કરી રહેલા ટોચના 50 પ્રાંતોમાં ચીન, યુએસ અને ભારત છે.

### અહેવાલના મુખ્ય તારણો

આ ઈન્ડેક્સ વર્ષ 2050 સુધીમાં વિશ્વભરના 2600 રાજ્યો અને પ્રદેશોમાં બિલ્ટ પર્યાવરણ જેમ કે ઈમારતો અને મિલકતોના 'ભૌતિક આબોહવા જોખમ'નું વિશ્લેષણ કરે છે.

- ઈન્ડેક્સ દરેક ક્ષેત્ર માટે એકંદર નુકસાન ગુણોત્તર (Aggregated Damage Ratio-ADR) નિર્દિષ્ટ કર્યો છે.
- જે વર્ષ 2050 સુધીમાં પ્રદેશમાં પર્યાવરણને થયેલા નુકસાનની કુલ રકમનું પ્રતિનિધિત્વ કરે છે.
- ઉચ્ચ ADR ઉચ્ચ જોખમ સૂચવે છે.
- અહેવાલ મુજબ 2050 સુધીમાં તેમના ભૌતિક માળખાકીય સુવિધા માટે સૌથી વધુ આબોહવા જોખમનો સામનો કરી રહેલા 50 પ્રાંતોમાંથી મોટા ભાગના (80%) ચીન, યુએસ અને ભારતમાં છે.
- જિઆંગસુ અને શેનડોંગ, ચીનની બે સૌથી મોટી પેટા–રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાઓ વૈશ્વિક રેન્કિંગમાં ટોચ પર છે. ત્યારબાદ યુએસ છે જે ટોચની 100 યાદીમાં 18 ક્ષેત્રો ધરાવે છે.
- યાદીમાં ટોચના 200 પ્રદેશોમાંથી 114 એશિયા ખંડના છે, જેમાં પાકિસ્તાન, ઈન્ડોનેશિયા અને મોટા ભાગના દક્ષિણ–પૂર્વ એશિયાના દેશોનો સમાવેશ થાય છે.
- વર્ષ 2022માં વિનાશક પૂરથી પાકિસ્તાનના 30% વિસ્તારને અસર થઈ હતી. અને સિંધ પ્રાંતમાં 9 લાખથી વધુ મકાનોને આંશિક અથવા સંપૂર્ણ નુકસાન થયું હતું.
- આ અહેવાલ અથવા ઈન્ડેક્સમાં આઠ ક્લાઈમેટ ચેન્જના જોખમોને આધારે રાજ્યોની રેન્કિંગ કરવામાં આવી છે.

### ભારત સંબંધિત તારણો

રિપ્રેઝન્ટેટિવ કોન્સન્ટ્રેશન પાથવે (RCP) 8.5 જેવા ઉચ્ચ–ઉત્સર્જન દશ્યો હેઠળ ઉચ્ચ જોખમવાળા પ્રાંતોમાં 2050 સુધીમાં નુકસાનના જોખમમાં સરેરાશ 110% વધારો જોવા મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- હાલમાં ભારતના 27 રાજ્યો અને તેના ત્રણ–ચતુર્થાંશ જિલ્લાઓ તાપમાનમાં દર 0.8 ડિગ્રી વધારા માટે આત્યાંતિક ઘટનાઓનું કેન્દ્ર છે, જે GDPમાં 5% નુકશાન માટે જવાબદાર છે.
- જો ગ્લોબલ વોર્મિંગ 2 ડિગ્રી થ્રેશોલ્ડ સુધી મર્યાદિત ન હોય, તો ભારતના આબોહવા–સંવેદનશીલ રાજ્યોના ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GSDP)માં 10%નો ઘટાડો થઈ શકે છે.
- આ અહેવાલ અનુસાર ભારતમાં પંજાબ, બિહાર, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, ગુજરાત, કેરળ અને આસામ સહિત 50 ઉચ્ચ જોખમવાળા રાજ્યોમાં નવ રાજ્યો છે.
- અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બિહાર 2050 સુધીમાં ભારતમાં સૌથી વધુ આબોહવા–સંવેદનશીલ પ્રદેશ બનવા માટે સુયોજિત છે અને વૈશ્વિક રેન્ક 22માં છે.
- ત્યારબાદ ઉત્તરપ્રદેશ અને આસામ અનુક્રમે 25મા અને 28માં ક્રમે છે.
- આસામ ખાસ કરીને આબોહવા જોખમમાં મહત્તમ વધારાનો સામનો કરશે, વર્ષ 2050 સુધીમાં આબોહવા જોખમ 330% વધશે.
- આસામમાં 2011થી પૂરની ઘટનાઓમાં ઘાતક વધારો જોવા મળ્યો છે અને તેમાં ભારતના 25માંથી 15 જિલ્લાઓ આબોહવા પરિવર્તન માટે સૌથી વધુ સંવેદનશીલ છે.
- મહારાષ્ટ્રના 36માંથી 11 જિલ્લાઓ આત્યંતિક હવામાનની ઘટનાઓ, દુષ્કાળ અને ઘટતી જતી જળ સુરક્ષા માટે 'અત્યંત સર્વેદનશીલ' હોવાનું જણાયું હતું.

## નાણાકીય સાક્ષરતા સપ્તાહ 2023 (Financial Literacy Week 2023)

- નાણાકીય સાક્ષરતા સપ્તાહ 13 ફેબ્રુઆરી અને 17 ફેબ્રુઆરી વચ્ચે ઉજવવામાં આવે છે.
- આ ઉજવણીનું આયોજન ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા કરવામાં આવે છે.
- RBIએ આ સપ્તાહ દરમિયાન નાણાકીય જાગૃતિ ફેલાવવા માટે જનજાગૃતિ અભિયાન હાથ ધર્યુ હતું.
- RBI દ્વારા 2016થી આ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય નાણાકીય શિક્ષણ છે.
- નાણાકીય સાક્ષરતા સપ્તાહ 2023ની થીમ 'Good Financial Behavior - Your Saviour' છે.
- આ વર્ષના નાણાકીય સાક્ષરતા સપ્તાહની થીમ નાણાકીય શિક્ષણ માટેની રાષ્ટ્રીય વ્યૂહરચનાના લક્ષ્યો સાથે સંરેખિત છે.
- 2023માં RBI નાણાકીય બચત, આયોજન અને કાર્યક્ષમ બજેટિંગના મહત્વને ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.




JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સાગર પરિક્રમા (Sagar Parikrama)

મત્સ્યોદ્યોગ વિભાગ, મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય અને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ 19 ફેબ્રુઆરી, 2023ના રોજ ગુજરાતના સુરત ખાતે 'સાગર પરિક્રમા તબક્કો III' કાર્યક્રમ શરૂ કર્યો હતો.




- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મત્સ્યપાલન સંબંધિત વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો વિશે માહિતી પ્રસારિત કરવાનો છે.
- તથા ટકાઉ સંતુલન અને દરિયાઈ જીવસૃષ્ટિનું રક્ષણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને જવાબદાર માછીમારીને પ્રોત્સાહન આપવાનો છે.
- નોંધનીય છે કે આ કાર્યક્રમનો પ્રથમ તબક્કો માર્ચ 2022ના રોજ માંડવીથી શરૂ કરવામાં આવ્યો હતો અને તે 6 માર્ચ 2022ના રોજ પોરબંદર ખાતે સમાપ્ત થયો હતો.
- આ પ્રસંગે માછીમારો અને માછીમારી સાથે સંકળાયેલા લોકોમાં કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- આ સાથે અત્યાધુનિક માપદંડો અનુસાર સતપતી માછલી બજારનું ઉદ્ઘાટન કરવાની જાહેરાત કરી હતી.

### સાગર પરિક્રમા

સાગર પરિક્રમા એ તમામ માછીમારો, મત્સ્ય ખેડૂતો અને સંબંધિત હિસ્સેદારો સાથે એકતા દર્શાવવા પૂર્વ નિર્ધારિત દરિયાઈ માર્ગો દ્વારા તમામ દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આયોજિત નેવિગેશનલ યાત્રા છે.

- તે રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષા અને દરિયાકાંઠાના માછીમારી સમુદાયોની આજીવિકા અને દરિયાઈ ઈકોસિસ્ટમના રક્ષણ માટે દરિયાઈ મત્સ્ય સંસાધનોના ઉપયોગ સાથે ટકાઉ સંતુલન પર ધ્યાન કેન્દ્રિત કરશે.


## ગુજરાતના પૂર્વ રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલીનું નિધન

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ અને ભાજપના વરિષ્ઠ નેતા શ્રી ઓમ પ્રકાશ કોહલીનું 87 વર્ષની વયે નિધન થયું છે.

### શ્રી ઓમ પ્રકાશ કોહલી

શ્રી ઓમપ્રકાશ કોહલીનો જન્મ 9 ઓગસ્ટ, 1935ના રોજ દિલ્હી ખાતે થયો હતો.

- તેમને ટૂંકમાં શ્રી ઓ.પી.કોહલી તરીકે ઓળખવામાં આવતા હતા.
- તેઓ વર્ષ 1999 થી 2000 સુધી ભારતીય જનતા પાર્ટીના દિલ્હી એકમના પ્રમુખ હતા.



- અને વર્ષ 1994 થી 2000 સુધી રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેઓ દિલ્હી યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન (DUTA) અને ABVPના પ્રમુખ પણ રહી ચૂક્યા છે.
- તેમણે 16 જુલાઈ 2014 થી 21 જુલાઈ 2019 સુધી ગુજરાતના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે ગુજરાતની સાથે ગોવા અને મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે વધારાના ચાર્જ પણ સંભાળ્યો હતો.
- તેમને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના કુલપતી તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા હતા.




1. તાજેતરમાં 'Gross Domestic Climat Risk Ranking' નામનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. આ અહેવાલ ઓસ્ટ્રેલિયા સ્થિત ક્રોસ ડિપેન્ડન્સી ઈનિશિયેટિવ અથવા XDI દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
   2. આ અહેવાલ મુજબ આબોહવા જોખમોનો સામનો કરી રહેલા ટોચના 50 પ્રાંતોમાં ચીન, યુએસ અને ભારત ટોચ પર છે.
   3. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કેરળ 2050 સુધીમાં ભારતમાં સૌથી વધુ આબોહવા – સંવેદનશીલ પ્રદેશ બનવા માટે સુયોજિત છે અને વૈશ્વિક રેન્ક 22માં છે.
   4. આ અહેવાલ અનુસાર ભારતમાં પંજાબ, બિહાર, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, ગુજરાત, કેરળ અને આસામ 50 ઉચ્ચ જોખમવાળા રાજ્યોમાંના નવ રાજ્યો છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

2. તાજેતરમાં 13 ફેબ્રુઆરી થી 17 ફેબ્રુઆરી દરમિયાન 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ 2023' (Financial Litercy Week 2023)ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે.

   (A) ગૃહ મંત્રાલય (B) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય
   (C) HDFC બેંક (D) RBI **(D)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સાગર પરિક્રમા' (Sagar Parikrama) શું છે ?


   (A) દરિયાકાંઠાના માછીમારોની સમસ્યાઓ જાણવા માટેની નેવિગેશનલ યાત્રા
   (B) મત્સ્ય ઉદ્યોગમાં ક્રાંતિ લાવવા માટેની એક યોજના
   (C) દરિયાઈ નિરીક્ષણ માટેનો સેટેલાઈટ ઉપગ્રહ
   (D) ભારતીય નૌકાદળનો એક યુદ્ધ અભ્યાસ **(A)**

4. તાજેતરમાં શ્રી ઓમ પ્રકાશ કોહલીનું નિધન થયું હતું. તેમણે નીચેના પૈકી કયા રાજ્યમાં રાજ્યપાલ તરીકે સેવા આપી હતી ?

   (A) પંજાબ (B) ઉત્તરાખંડ (C) ગુજરાત (D) બિહાર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ફેબ્રુઆરી, Central Excise Day




દર વર્ષે 24 ફેબ્રુઆરીના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા આપવામાં આવેલા યોગદાનને ઓળખવા અને સન્માન આપવા માટે 'Central Excise Day' (સેન્ટ્રલ એક્સાઈઝ ડે) ઉજવવામાં આવે છે.

- આ દિવસ CBIC કર્મચારીઓનું સન્માન કરે છે જેઓ કર વસુલવામાં સખત મહેનત કરે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય CBIC કર્મચારીઓને તેમની ફરજો અસરકારક રીતે નિભાવવા અને દેશમાં ભ્રષ્ટાચારને રોકવા માટે પ્રેરિત કરવાનો છે.
- 24 ફેબ્રુઆરી, 1944ના રોજ સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સોલ્ટ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો.
- પાછળથી સેન્ટ્રલ એક્સાઈઝ ટેરિફ એક્ટ, 1985માં રજૂ કરવામાં આવ્યો હતો.
- અને થોડા સમય પછી આ અધિનિયમને સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સોલ્ટ એક્ટ સાથે સંકલિત કરવામાં આવ્યો હતો. જેને 1944નો સેન્ટ્રલ એક્સાઈઝ એક્ટ કહેવામાં આવ્યો હતો.

નોંધ : (1) ભારતમાં ટેક્સ સિસ્ટમની શરૂઆત મીઠાથી થઈ હતી. મીઠું આપણા રોજિંદા જીવનમાં સૌથી જરૂરી ઘટકોમાંનું એક છે. જ્યારે બ્રિટિશ સરકારે મીઠાના કાયદા દ્વારા મીઠા પર કર લાદ્યો ત્યારે સમગ્ર રાષ્ટ્રએ એક થઈને અવાજ ઉઠાવ્યો હતો.

(2) CBIC ભારત સરકારના મહેસુલ વિભાગ હેઠળ કાર્ય કરે છે. જે નાણા મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. તે કેન્દ્રીય આબકારી જકાત, IGST અને CGSTની ગણતરી કરે છે અને દાણચોરીને અટકાવે છે.

## ધોરણ 1માં પ્રવેશ માટે લઘુત્તમ વય 6 વર્ષ

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020' મુજબ ધોરણ 1માં પ્રવેશ માટેની લઘુત્તમ વય છ વર્ષ નક્કી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ પાયાના તબક્કામાં તમામ બાળકો (3 અને 8 વર્ષની વચ્ચેના) માટે પાંચ વર્ષની શીખવાની તકોનો સમાવેશ થાય છે, જેમાં ત્રણ વર્ષ પૂર્વ–શાળા શિક્ષણ બાદ ધોરણ 1 અને 2નો સમાવેશ થાય છે.

- NEP 2020 પ્રી–સ્કૂલથી ધોરણ 2 સુધીના બાળકોના સીમલેસ શિક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપે છે.
- તેણે રાજ્યોને તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં બે વર્ષના ડિપ્લોમા ઈન પ્રિસ્કૂલ એજ્યુકેશન (DPSE) અભ્યાસક્રમો ડિઝાઈન અને ચલાવવાની પ્રક્રિયા શરૂ કરવાની પણ સલાહ આપી છે.
- સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (SCERT) દ્વારા અભ્યાસક્રમની રચના કરવાની અપેક્ષા છે, જે SCERTના દેખરેખ અને નિયંત્રણ હેઠળ ડિસ્ટ્રિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (DEIT) દ્વારા અમલમાં મુકવામાં આવશે.

## આદિ ગંગા પુનરુત્થાન યોજના (Adi Ganga Revival Plan)



તાજેતરમાં આદિ ગંગા (કોલકાતા શહેરમાંથી વહેતી ગંગા નદીનો મુખ્ય પ્રવાહ)ના પુનરુત્થાન માટે એક યોજના જાહેર કરવામાં આવી છે.

- સ્વચ્છ ગંગા માટેના રાષ્ટ્રીય મિશનએ આ પ્રાચીન નદીના પુનરુત્થાન માટે લગભગ રૂ.650 કરોડ ફાળવ્યા છે.
- અને તેના પ્રદુષણને ઘટાડવા માટે બહુ–દેશી દક્ષિણ એશિયાઈ નદી પ્રોજેક્ટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### આદિ ગંગા સંબંધિત મુખ્ય મુદ્દાઓ અને વિકાસ

આ નદી જે એક સમયે 17મી સદી સુધી ગંગાનો મુખ્ય પ્રવાહ હતી અને દાયકાઓ સુધી ઉપેક્ષિત હતી અને હાલમાં તે ભારે પ્રદૂષિત અને અતિક્રમિત છે.

- આદિગંગાના અવરોધને કારણે આ વિસ્તારમાં કુદરતી ગટરને ગંભીર અસર થઈ છે.
- જોકે, આદિ ગંગા 1970 સુધી અનુકૂળ રીતે વહેતી રહી પાછળથી તેની પાણીની ગુણવત્તા ધીમે ધીમે બગડતી ગઈ અને કિનારા પરના અતિક્રમણને કારણે તે ગટરમાં ફેરવાઈ ગઈ.
- વર્ષ 1998માં કલકત્તા હાઈકોર્ટે એક મહિનાની અંદર નદીમાંથી તમામ અતિક્રમણ હટાવવાનો નિર્ણય આપ્યો હતો.
- જોકે અન્ય એક અહેવાલ મુજબ આ પ્રથમ આદેશના બે દાયકા બાદ પણ અતિક્રમણ ચાલું છે.

### વર્તમાન સ્થિતિ

સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડાઓ અનુસાર આ નદીને હવે વ્યવહારિક રીતે મૃત માની શકાય છે અને એમ કહી શકાય કે નદીના પાણીના 100 મિલીલીટર દીઠ 17 મિલિયનથી વધુ ફેકલ અથવા મળ બેક્ટેરિયા હોય છે અને તે ગંદા નાળામાં પરિવર્તિત થાય છે.

- તેમાં ઓક્સિજનનું પ્રમાણ પણ શૂન્ય છે.
- આ ભયંકર પરિસ્થિતિ પર્યાવરણ અને જાહેર આરોગ્ય માટે નોંધપાત્ર ખતરો છે.
- આ નદીને આંતરરાષ્ટ્રીય જળ પરિષદ દરમિયાન પ્રદુષણ અભ્યાસ માટે પણ પસંદ કરવામાં આવી હતી, જેમાં પરિસ્થિતિની તાકીદને પ્રકાશિત કરવામાં આવી હતી.

નોંધ : (1) આદિ ગંગા, જેને ગોવિંદપુર ક્રીક , સુરમન કેનાલ અને (હાલની) ટોલી કેનાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે હુગલી નદીની મુખ્ય ચેનલ હતી જે 15મી અને 17મી સદી વચ્ચે કુદરતી કારણોને લીધે સુકાઈ ગઈ હતી.

(2) વર્ષ 1750ની આસપાસ નદીના મુખ્ય માર્ગને હાવડાથી અડીને આવેલી સરસ્વતી નદીના નીચલા ભાગો સાથે જોડવા માટે એક નહેર બનાવવામાં આવી હતી.

(3) પરિણામે આદિ ગંગા એક નાની સહાયક નદીમાં તબ્દીલ થયા બાદ હુગલી મુખ્ય નદી બની ગઈ.

## માતૃત્વ મૃત્યુ વલણ (Trends in Maternal Mortality) : UN

યુનાઈટેડ નેશન્સના નવા અહેવાલ 'માતૃ મૃત્યુદરમાં વલણો' અનુસાર 2020માં નોંધાયેલા અંદાજિત 2,87,000 માતાના મૃત્યુમાંથી 70% સબસહારન આફ્રિકામાં થયા હતા.

- સબસહારન આફ્રિકામાં માતૃત્વ મૃત્યુ દર (MMR) ભયજનક રીતે ઊંચા સ્તરે 545 મૃત્યુ પ્રતિ મિલિયન જીવંત જન્મો હતો, જે વૈશ્વિક સરેરાશ કરતા અનેક ગણો વધારે છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

**આંકડા**

- દર બે મિનિટે સગર્ભાવસ્થા અથવા બાળજન્મ દરમિયાન એક મહિલાનું મૃત્યુ થાય છે.
- જે તાજેતરના વર્ષોમાં મહિલા સ્વાસ્થ્યની ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. કારણ કે વિશ્વના લગભગ તમામ પ્રદેશોમાં માતૃત્વ મૃત્યુની ઘટનાઓ કાં તો વધી છે અથવા સ્થિર રહી છે.
- 2020માં જ્યારે સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) અમલમાં આવ્યો ત્યારે વિશ્વભરમાં અંદાજિત 2,87,000 માતૃ મૃત્યુ થયા હતા, જે 2016માં 3,09,000થી થોડો ઓછો હતો.

- જ્યારે **2000 અને 2015ની** વચ્ચે માતૃ મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, ત્યારબાદ પ્રગતિ મોટા ભાગે અટકી ગઈ છે અથવા તો કેટલાક કિસ્સાઓમાં ઉલટી પણ થઈ છે.

### માતૃ મૃત્યુ પ્રમાણ

- વર્ષ **2020માં** કુલ **માતાના મૃત્યુમાંથી** લગભગ **70% સબ–સહારન આફ્રિકામાં** જોવા મળ્યા હતા.
- વિશ્વના ટોચના **ત્રણ પેટા–પ્રદેશો** અથવા ખૂબ ઊંચા **MMR** સાથે **સબ સહારન આફ્રિકા**માં જોવા મળ્યા હતા.
- મહામારીના વર્ષમાં કુલ અંદાજિત વૈશ્વિક માતૃ મૃત્યુના લગભગ **એક ચતુર્થાંશ (28.5%)** નાઈજીરીયાનો હિસ્સો હતો, જેમાં 2020માં અંદાજે **82,000 માતૃ** મૃત્યુ થયા હતા.
- 2000 થી 2020 સુધી સબ–સહારા આફ્રિકા, ઉત્તર આફ્રિકા, ઓસનિયા (ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સિવાય), પશ્ચિમ એશિયા તથા પૂર્વ અને દક્ષિણ–પૂર્વ એશિયામાં MMR ઘટાડો સ્થિર રહ્યો છે.

### માતાના મૃત્યુનું કારણ

- માતાના મૃત્યુના મુખ્ય કારણોમાં ગંભીર રક્તસ્ત્રાવ, હાઈબ્લડ પ્રેશર, સગર્ભાવસ્થા સંબંધિત ચેપ, અસુરક્ષિત ગર્ભપાતથી થતી ગૂંચવણો અને ગર્ભધારણને નુકસાન પહોંચાડતી અંતર્ગત સ્થિતિઓ (જેમ કે HIV/AIDS અને મેલેરિયા) છે.

### આરોગ્ય સંભાળ અંતર

આશરે એક તૃતિયાંશ સ્ત્રીઓ ભલામણ કરેલ આઠમાંથી ચાર પ્રસૂતિ પૂર્વેની તપાસ ચૂકી જાય છે અથવા આવશ્યક પોસ્ટનેટલ કેર પ્રાપ્ત કરતી નથી. વધુમાં અંદાજે 270 મિલિયન મહિલાઓ પાસે આધુનિક કુટુંબ નિયોજન પદ્ધતિઓનો વપરાશ નથી.

### જોખમ

આવક, શિક્ષણ, જાતિ અથવા વંશીયતા સંબંધિત અસમાનતાઓ ઓછી આવક ધરાવતા સમુદાયોમાં રહેતી સગર્ભા સ્ત્રીઓ માટે જોખમ વધારે છે, જેમાં આવશ્યક માતૃત્વ સંભાળની મર્યાદિત પહોંચ હોય છે. જેઓ સગર્ભાવસ્થામાં સહજ સ્વાસ્થ્ય સમસ્યાઓનો અનુભવ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

FOREST GUARD (વનરક્ષક) BATCH 50% DISCOUNT ~~₹3,000~~ ₹1,500 6 MONTH VALIDITY

1. 'Central Excise Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ફેબ્રુઆરી (B) 23 ફેબ્રુઆરી (C) 24 ફેબ્રુઆરી (D) 25 ફેબ્રુઆરી **(C)**

2. તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020' મુજબ ધોરણ-1માં પ્રવેશ માટેની લઘુત્તમ વય _____ વર્ષ નક્કી કરવામાં આવી છે.

(A) સાડા ત્રણ (B) સાડા ચાર (C) છ (D) સાત **(C)**

3. તાજેતરમાં આદિ ગંગા (કોલકાતા શહેરોમાંથી વહેતી ગંગા નદીનો મુખ્ય પ્રવાહ)ના પુનરુત્થાન માટે એક યોજના જાહેર કરવામાં આવી છે. આ નદી વિશે નીચેના વિધાન પર વિચાર કરી અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. સ્વચ્છ ગંગા માટેના રાષ્ટ્રીય મિશનએ આ પ્રાચીન નદીના પુનરુત્થાન માટે લગભગ રૂ.650 કરોડ ફાળવ્યા છે.
2. આ નદી જે એક સમયે 17મી સદી સુધી ગંગાનો મુખ્ય પ્રવાહ હતી અને દાયકાઓ સુધી ઉપેક્ષિત હતી. અને હાલમાં તે ભારે પ્રદૂષિત અને અતિક્રમિત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.
(B) વિધાન 2 સાચું છે પરંતુ વિધાન 1 ખોટું છે.
(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે.
(D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. યુનાઈટેડ નેશન્સ (UN)ના નવા અહેવાલ 'માતૃ મૃત્યુદરમાં વલણો' (Trends in Maternal Mortality) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) વર્ષ 2020માં કુલ માતાના મૃત્યુમાંથી લગભગ 70% સબ–સહારન આફ્રિકામાં જોવા મળ્યા હતા.
(B) વિશ્વના ટોચના ત્રણ પેટા–પ્રદેશો અથવા ખૂબ ઊંચા MMR સાથે સબ–સહારન આફ્રિકામાં જોવા મળ્યા હતા.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા **(C)**

## ભારત 2023 સુધીમાં વૈશ્વિક વૃદ્ધિમાં 15% યોગદાન આપશે : IMF

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) અનુસાર વર્ષ 2023માં વૈશ્વિક વૃદ્ધિમાં એકલું ભારત 15% યોગદાન આપશે અને વિશ્વ અર્થતંત્રમાં 'ઉજ્જવલ સ્થાન' (Bright Spot) બની રહેશે.

- ભારત એવા સમયે 'ઉજ્જવલ સ્થાન' રહ્યું છે જ્યારે IMF 2023ને અર્થતંત્ર માટે મુશ્કેલ વર્ષ ગણાવે છે. વૈશ્વિક વૃદ્ધિ 2022માં 3.4%થી ધીમી પડીને 2023માં 2.9% થઈ જશે.
- નાણાકીય વર્ષ 2023-24 (એપ્રિલ 2023 થી 2024) માટે ભારતનો વિકાસ દર 6.1% હોવાનો અંદાજ છે, જે વિશ્વની બાકીની અર્થવ્યવસ્થાઓ કરતા થોડો ધીમો છે, પરંતુ વૈશ્વિક સરેરાશ કરતા વધારે છે.
- આ રીતે વર્ષ 2023માં ભારત વૈશ્વિક વૃદ્ધિમાં લગભગ 15% યોગદાન આપશે.
- IMF મુજબ ભારતે મહામારીને દૂર કરવા અને નોકરીઓનું સર્જન કરવા માટે ડિજિટાઈઝેશનનો ઉપયોગ કર્યો છે, જ્યારે દેશની રાજકોષીય નીતિ આર્થિક પરિસ્થિતિઓ માટે પ્રતિભાવશીલ રહી છે.
- દેશની રાજકોષીય જવાબદારીને મજબૂત જાહેર ફાઈનાન્સ સપોર્ટ દ્વારા મધ્યમગાળાના માળખામાં અનુવાદિત કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારત નવીનીકરણીય ઊર્જા સહિત ગ્રીન અર્થતંત્રમાં રોકાણ કરી રહ્યું છે, જે દેશને સ્વચ્છ ઊર્જા તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.
- મૂડી ખર્ચમાં વધારો થયો છે, જે GDPના 3.3% હશે અને 2020-21 અને 2021-22 વચ્ચે 37%થી વધુ વધ્યા પછી આ સૌથી મોટો ઉછાળો હશે.
- ભારત યુવાનોનો દેશ છે. દર વર્ષે 15 મિલિયન લોકો શ્રમ દળમાં જોડાય છે.
- મજબૂત રોકાણથી રોજગાર સર્જન થાય છે, જે ભારત માટે ખૂબ ફાયદાકારક છે. ભારતની વિકાસયાત્રામાં મહિલાઓ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સિંગરેની થર્મલ પાવર પ્લાન્ટ (Singareni Thermal Power Plant - STPP)

તેલંગાણામાં સિંગરેની થર્મલ પાવર પ્લાન્ટ (STPP) દેશના PSU વચ્ચે પ્રથમ ફ્લુ ગેસ ડિસલ્ફ્યુરાઈઝેશન (FGD) પ્લાન્ટ સાથે દક્ષિણ ભારતમાં પ્રથમ જાહેર ક્ષેત્રનું કોલસા આધારિત પાવર જનરેટિંગ સ્ટેશન બનવાની તૈયારીમાં છે.

- નોંધનીય છે કે STPPએ જનરેટ થયેલી ફલાયએશના 100% ઉપયોગ સાથે બે વખત બેસ્ટ ફલાય એશ યુટિલાઈઝેશન એવોર્ડ જીત્યો છે.

## ફલુગેસ ડિસલ્ફ્યુરાઈઝેશન શું છે ?



ફલુ ગેસ ડિસલ્ફ્યુરાઈઝેશન (FGD) પ્લાન્ટ વીજ ઉત્પાદન માટે કોલસાને બાળીને ઉત્પન્ન થતા સલ્ફર અને અન્ય વાયુઓ (નાઈટ્રોજન ઓક્સાઈડ) પર પ્રક્રિયા કરશે.

- FGD પ્લાન્ટ વાતાવરણમાં છોડતા પહેલા ફલુ ગેસમાંથી સલ્ફર ડાયોક્સાઈડ દૂર કરે છે, જેનાથી પર્યાવરણ પર તેની અસર ઓછી થાય છે.

## FGD સિસ્ટમના પ્રકાર

ફલુ ગેસની પ્રતિક્રિયા કયા તબક્કામાં થાય છે તેના આધારે FGD સિસ્ટમોને 'ભીની' (વેટ) અથવા 'સુકી' (ડ્રાઈ) તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

- ત્યાં ચાર પ્રકારની FGD સિસ્ટમો છે :

(1) 'ભીની' (વેટ) FGD સિસ્ટમો પ્રવાહી શોષકનો ઉપયોગ કરે છે.

(2) સ્પ્રે ડ્રાય શોષક એ અર્ધ–સુકી પ્રણાલીઓ છે. જેમાં થોડી માત્રામાં પાણીનો સમાવેશ થાય છે.

(3) સર્ક્યુલેટિંગ ડ્રાય સ્ક્બર્સ (CDS) કાં તો સૂકી અથવા અર્ધ–સૂકી સિસ્ટમ છે.

(4) ડ્રાય સોર્બન્ટ ઈન્જેક્શન (DSI) ડ્રાય સોર્બન્ટને ભટ્ઠીમાં ફાયર કર્યા પછી સીધા જ ભટ્ઠીમાં અથવા ડક્ટવર્કમાં દાખલ કરે છે.

**નોંધ :** (1) પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયએ બિન–સેવાપાત્ર પ્લાન્ટ્સ માટે ડિસેમ્બર 2026ના અંત સુધીમાં કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સ માટે FGD પ્લાન્ટ્સ ઈન્સ્ટોલ કરવાની સમયમર્યાદા અને નિવૃત્ત પ્લાન્ટ્સ માટે ડિસેમ્બર, 2027ના અંત સુધીમાં નિર્ધારિત કરી છે.

(2) FGD પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત જીપ્સમનો ઉપયોગ ખાતર, સિમેન્ટ, કાગળ, કાપડ અને બાંધકામ ઉદ્યોગોમાં કરવામાં આવશે. અને તેના વેચાણથી FGD પ્લાન્ટની જાળવણીમાં ફાળો મળવાની અપેક્ષા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સર્જિયો રામોસએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી



તાજેતરમાં શ્રી સર્જિયો રામોસએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

- શ્રી સર્જિયો રામોસ ગાર્સિયા સ્પેનિશ ફૂટબોલ ખેલાડી છે. તે તેમની આક્રમક રમત માટે લોકપ્રિય છે.
- તેઓ રિઅલ મેડ્રિડ માટે સોળ કરતા વધુ સીઝન રમ્યા છે.
- તેઓએ ચાર UEFA ચેમ્પિયનશિપ લીગ, બે UEFA યુરોપિયન ચેમ્પિયનશિપ અને 2010 FIFA વર્લ્ડ કપ પણ જીત્યા છે.
- તે 100 કૅપ સુધી પહોંચનાર સૌથી યુવા ખેલાડીઓમાંના એક હતા.

નોંધ : (1) રીઅલ મેડ્રિડ એ સ્પેનના મેડ્રિડમાં એક ફૂટબોલ ક્લબ છે. જેની શરૂઆત 1902માં થઈ હતી.

(2) આ ટીમ વિશ્વની આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ફૂટબોલ ટીમોમાંની એક છે. તે વિશ્વની સૌથી મુલ્યવાન ટીમ છે.



## SATURDAY Questions

1. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના જણાવ્યા અનુસાર વર્ષ 2023માં વૈશ્વિક વૃદ્ધિમાં એકલુ ભારત _____% યોગદાન આપશે.

(A) 15% (B) 25% (C) 35% (D) 39% — **(A)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સિંગરેની થર્મલ પાવર પ્લાન્ટ' (Singareni Thermal Power Plant) કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) કેરળ (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) તેલંગાણા — **(D)**

3. સર્જિયો રામોસ _____ ફૂટબોલ ખેલાડી છે. જેમણે તાજેતરમાં ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

(A) અમેરિકન (B) સ્પેનિશ (C) જાપાની (D) બ્રિટિશ (ઈંગ્લેન્ડ) — **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **દેશનું પ્રથમ દિવ્યાંગો માટેનું અદ્યતન વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'નું મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે શિલાયન્સ**



દિવ્યાંગોને વૃદ્ધાવસ્થામાં કોઈ તકલીફ ન પડે તે માટે સુરતના સેવાભાવી કર્મશીલ અને પદ્મ શ્રી કનુભાઈ ટેલરના વિચારો થકી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ઝઘડિયા તાલુકાના ઉચેડિયા ગામે 40 કરોડના ખર્ચે આકાર પામનાર દિવ્યાંગો માટેના વૃદ્ધાશ્રમ 'પ્રભુનું ઘર'નું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે શિલાયન્સ કરાયો હતો. વૃદ્ધાશ્રમના નિર્માણથી 200 જેટલા વૃદ્ધ દિવ્યાંગો માટે 49 જેટલી વિવિધ અદ્યતન સગવડો ઉપલબ્ધ કરાવશે.

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પંચાયતી રાજ ઈન્ફોર્મેશન એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ - PARINAM પોર્ટલ લોન્ચ કર્યુ**



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા પંચાયતોના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ અને કારોબારી સમિતીના અધ્યક્ષો માટે રાજ્યના પંચાયત વિભાગ દ્વારા ગાંધીનગરમાં આયોજિત પરિસંવાદમાં સંબોધન કર્યુ હતું. 'અમૃતકાળમાં સ્વર્ણિમ ભવિષ્ય તરફ' વિષય વસ્તુ સાથે યોજાયેલ આ પરિસંવાદમાં મુખ્યમંત્રીશ્રીએ નિર્ધારિત કાર્યક્રમ કરતાં નવતર એક અભિગમ અપનાવ્યો હતો. તેમણે આ પરિસંવાદમાં સહભાગી જિલ્લા પંચાયત પ્રમુખો, ઉપપ્રમુખો અને કારોબારી અધ્યક્ષો સાથે પ્રવચન શ્રેણીને બદલે વાતચીત – પરસ્પર સંવાદનો ઉપક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પરિસંવાદના પ્રારંભે પંચાયત વિભાગ દ્વારો પંચાયતી રાજને વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવવા માટે 'પંચાયતી રાજ ઈન્ફોર્મેશન એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ' (PARINAM) પોર્ટલનું ઈ–લોકાર્પણ કર્યુ હતું. આ PARINAMને ભવિષ્યમાં ઈ–સરકાર સાથે જોડીને પંચાયત વિભાગ અને રાજ્ય સરકાર સંપૂર્ણ રીતે પારદર્શક અને પેપરલેસ થવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરકારી શાળાઓને ગુણવત્તાસભર બનાવવા જ્ઞાન સંગમ પાયલોટ પ્રોજેક્ટનો વડોદરામાં શુભારંભ**




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા શહેર અને જિલ્લાની ખાનગી શાળાઓ સાથે તંતુસંધાન કરી સરકારી શાળામાં તેની બેસ્ટ પ્રેક્ટિસનું આદાન–પ્રદાન કરવાની રાજ્યના શિક્ષણ વિભાગની પહેલ એવા જ્ઞાન સંગમ પાયલોટ પ્રોજેક્ટનું વડોદરા શહેરની દુલા ભાયા કાગ પ્રાથમિક શાળા ખાતેથી શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વ નિર્ભર શાળાના સંચાલકો અને સરકારી શાળાઓ વચ્ચે એક્સપ્રેસન ઓફ ઈન્ટ્રેસ્ટ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે જ્ઞાન સંગમ પ્રોજેક્ટથી સરકારી અને ખાનગી શાળાઓ વચ્ચે શિક્ષણના આદાન પ્રદાન માટે આજે સુગમ સમન્વય થયો છે જેના હકારત્મક પરિણામો મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જ્ઞાન સંગમ પ્રોજેક્ટ હેઠળ 300 થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી વડોદરા શહેરની 60 જિલ્લાની 83 શાળાઓ મળીને કુલ 143 સરકારી પ્રાથમિક શાળાઓ લક્ષિત શાળાઓ તરીકે આવરી લેવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં વડોદરા શહેરની 29 અને ગ્રામ્યની 18 સહિત કુલ 47 ખાનગી શાળાઓ સહયોગ આપશે. જેમાં વડોદરા શહેરના 27,489 અને જિલ્લાના 33,638 સહિતના કુલ 61,127 વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓના શ્રેષ્ઠ શિક્ષકોના જ્ઞાનનો લાભ મળશે. જ્ઞાન સંગમ પ્રોજેક્ટનો મૂળ વિચાર કલેક્ટર શ્રી અતુલ ગોરનો છે.

➤ **મેટટ્યૂબ કોપર ઈન્ડિયા પ્રા.લિ. અને ગુજરાત સરકાર વચ્ચે MoU**



એરકન્ડીશનીંગ અને રેફ્રિજરેશન એપ્લિકેશનમાં વપરાશમાં લેવાતી કોપર ટ્યૂબનું ઉત્પાદન આગામી દિવસોમાં ગુજરાતમાં થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ સંદર્ભમાં ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ વિભાગ અને કોપરટ્યુબના ઉત્પાદન તથા વિકાસમાં અગ્રણી કંપની મેટટ્યૂબ કોપર ઈન્ડિયા પ્રા.લિ. વચ્ચે ગાંધીનગરમાં MoU સંપન્ન થયા હતા. સાણંદ - II ઔદ્યોગિક વિસ્તારમાં મેટટ્યૂબ ઈન્ડિયા પ્રા.લિ. પોતાનો આ કોપર ટ્યૂબ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ કરશે. જે સંભવત જાન્યુઆરી 2024માં ઉત્પાદન શરૂ કરશે તેવી અપેક્ષા છે. આ પ્લાન્ટના નિર્માણથી ભવિષ્યમાં ઉપકરણોના કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં આ સૂચિત પ્લાન્ટ મદદરૂપ થશે.

➤ **ભારતનો પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટ ગુજરાતમાં બંધાશે**

વેદાંતા ગ્રુપ અને તાઈવાનનું ફોક્સકોન (FoxConn) ગુજરાતના ધોલેરા ખાતે પ્રથમ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ યુનિટ બનાવવા માટે એકસાથે આવ્યા છે. કંપનીઓએ ગુજરાત સરકાર સાથે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર મુજબ તેઓ આ પ્રોજેક્ટમાં રૂ.1,54,000 કરોડનું રોકાણ કરશે. સેમિકન્ડક્ટર પ્લાન્ટ અમદાવાદના ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનમાં બનાવવામાં આવશે. તે ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક શહેર છે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી જમીન અને પ્રોજેક્ટનુ સંચાલન કરે છે. સેમિકન્ડક્ટર પ્લાન્ટ બનાવવા માટે 2022માં MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-27 હેઠળ અમલમાં છે. આ પ્રોજેક્ટનો હેતુ ઓછામાં ઓછી 2 લાખ નવી નોકરીની તકો ઉભી કરવાનો છે.

## ભારત

➤ **મણિપુરે B20 કોન્ફરન્સનું આયોજન કર્યુ**




G20ના અવસર પર મણિપુર રાજ્યએ B20 સમિટનું આયોજન કર્યુ હતું. આ કોન્ફરન્સની થીમ ટકાઉ વિકાસ અને વૃદ્ધિ હતી. તે G20 સમિટની થીમને અનુરૂપ હતું, જે ‘એક પૃથ્વી એક પરિવાર એક ભવિષ્ય’ છે. આ કોન્ફરન્સમાં 23 થી વધુ દેશોએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સમાં કેન્દ્રીય વાણિજ્ય રાજ્યમંત્રી, વિદેશ રાજ્યમંત્રી વગેરેએ ભાગ લીધો હતો. B20નો અર્થ બિઝનેસ 20 છે. તે G20ના જોડાણ જૂથોમાંથી એક છે. B20 એન્ગેજમેન્ટ જૂથ અથવા અન્ય કોઈપણ જોડાણ જૂથ (જેમ કે સ્ટાર્ટઅપ જૂથ અથવા યુવા જૂથ વગેરે) યજમાન દેશ દ્વારા નેતૃત્વ કરવામાં આવે છે. 2023માં ભારત અને અન્ય G20 દેશો સાથે કામ કરશે અને નીતિઓ બનાવશે.

➤ **લદ્દાખે પેંગોગ ત્સો મેરેથોન માટે ગિનિસ રેકોર્ડ બનાવ્યો**



લદ્દાખ ઓટોનોમસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલે તાજેતરમાં પેંગોગ ત્સો મેરેથોન શરૂ કરી હતી. આ મેરેથોન ભારતમાં તેના પ્રકારની પ્રથમ છે. તે સ્થિર પેંગોગ ત્સો તળાવ પર યોજવામાં આવી હતી. આ મેરેથોન 4,350 મીટરની ઊંચાઈ પર યોજાઈ હતી. આ સાથે તેણે વિશ્વની સૌથી વધુ સ્થિર લેક મેરેથોન માટે ગિનિસ રેકોર્ડ બનાવ્યો હતો. ભારતમાં થીજી ગયેલા તળાવ પર આયોજિત આ પ્રથમ મેરેથોન છે. મેરેથોનમાં 21 કિ.મી. લાંબી દોડ સામેલ હતી. તેની શરૂઆત લુકિંગ વિલેજથી થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ શિક્ષણ સામગ્રી 'જાદુઈ પિટારા' લોન્ચ કરવામાં આવ્યું

નેશનલ એજ્યુકેશન પોલિસી 2020માં રમતગમત આધારિત શિક્ષણ સામગ્રીની પરિકલ્પના કરવામાં આવી છે. આ નીતિ મુજબ કેન્દ્રીય મંત્રીશ્રી ધમેન્દ્ર પ્રધાને તાજેતરમાં 'જાદુઈ પિટારા' લોન્ચ કર્યુ છે. તે 3 થી 8 વર્ષની વયના બાળકો માટે રમત આધારિત શિક્ષણ સામગ્રી છે. તે 13 વિવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે. તે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક હેઠળ વિકસાવવામાં આવી હતી. સામગ્રી વાપરવા માટે સરળ છે અને ડાઉનલોડ કરી શકાય છે તથા કાગળ પર છાપી શકાય છે. જાદુઈ પિટારા અથવા જાદુઈ બોક્સ પ્લેબુક્સ, કોયડાઓ, ફ્લેશકાર્ડ્સ, પોસ્ટરો, વર્કશીટ્સ અને સ્ટોરીબુક્સનો સમુહ છે. આ સામગ્રી બાળકોની જિજ્ઞાસા વધારે છે. સામગ્રી પાંચ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમ કે સાક્ષરતા વિકાસ, સકારાત્મક શીખવાની આદતો, સાંસ્કૃતિક વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ, સામાજિક–ભાવનાત્મક વિકાસ અને નૈતિક વિકાસ.

### ➤ શ્રીમતી કમલા કસ્તુરીનું નિધન



તાજેતરમાં શ્રીમતી કમલા કસ્તુરીનું નિધન થયું હતું. તેઓ એક પર્યાવરણવાદી હતા. તેમણે પર્યાવરણ સંરક્ષણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત પર્યાવરણ સોસાયટી, ચેન્નાઈના સ્થાપક પણ હતા. તેઓ કાવેરી નદીને રંગીન એકમોમાંથી બચાવવા અને નદીને સાફ કરવા માટે ઘણા પર્યાવરણીય સંરક્ષણ પ્રોજેક્ટ્સ અને અભિયાનમાં સામેલ હતા. તેમણે વૃક્ષારોપણના અનેક અભિયાનમાં ભાગ લીધો હતો અને રેડ હિલ્સ (સોનગુન્દ્રમ, તમિલનાડુ)માં પ્રસ્તાવિત કતલખાના સામે જાહેર હિતની અરજી (PIL) પણ દાખલ કરી હતી.

### ➤ ભારત અને સેશેલ્સે દરિયાઈ સહયોગ અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા

ઈન્ફર્મેશન ફ્યુઝન સેન્ટર – ભારતનો હિંદમહાસાગર પ્રદેશ અને RCOC (પ્રાદેશિક સંકલન સંચાલન કેન્દ્ર)એ તાજેતરમાં દરિયાઈ સહયોગ પર એક MoU પર હસ્તાક્ષર કર્યા છે. સેશેલ્સના અજમ્પ્શન ટાપુ પર ભારતનું લશ્કરી મથક છે. તે 1990માં બનાવવામાં આવ્યું હતું. તથા 2016માં વિસ્તૃત કરવામાં આવ્યું હતું. તે દેશ અને ભૌગોલિક રાજકીય સ્થિતિ માટે મહત્વપૂર્ણ છે. MoU મુજબ બંને દેશો સાથે મળીને કામ કરશે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષામાં સુધારો કરશે. સુરક્ષા જોગવાઈઓ 'સાગર પહેલ–ક્ષેત્રમાં તમામ માટે સુરક્ષા અને વૃદ્ધિ' પર આધારિત હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ખજુરાહોએ પ્રથમ G20 કલ્ચર વર્કિંગ ગ્રુપની બેઠકનું આયોજન કર્યું**




મધ્યપ્રદેશ સ્થિત ખજુરાહો પ્રથમ G20 કલ્ચર વર્કિંગ ગ્રૂપની બેઠકનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકમાં વિદેશના 125થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. પદ્મ શ્રી નેક રામ પણ બેઠકમાં હાજર રહ્યા હતા. તેઓ 'મિલેટ મેન' તરીકે ઓળખાય છે. ખજૂરાહો હિન્દુ અને જૈન મંદિરોનો સમૂહ છે. તેને ચંદેલા વંશ દરમિયાન બાંધવામાં આવ્યા હતા. ચંદેલા સમયમાં 85થી વધુ મંદિરો હતા.

➤ **સુશ્રી કનક રેલેનું નિધન**



તાજેતરમાં શાસ્ત્રીય નૃત્યના દિગ્ગજ સુશ્રી કનક રેલેનું નિધન થયું છે. તેઓ મોહિનીઅટ્ટમ (કેરળ રાજ્યનું શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ)ના ઘડવૈયા તરીકે પણ જાણીતા છે. તેમને કેરળ સરકાર દ્વારા પ્રથમ ગુરૂ ગોપિનાથ રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે વર્ષ 1973માં નાલંદા નૃત્ય કલા મહાવિદ્યાલય અને નાલંદા નૃત્ય સંશોધન સંસ્થાની સ્થાપના કરી હતી, જે બોમ્બે યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. અને અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને ડોક્ટરલ ડિગ્રી પ્રદાન કરે છે. વર્ષ 1977માં ભારતમાં નૃત્યમાં Phd કરનાર પ્રથમ મહિલા હતા. તેમની ડોક્ટરલ થીસીસનું શીર્ષક હતું 'મોહિનીઅટ્ટમ: ઓલ એસ્પેક્ટ્સ એન્ડ સ્ફિયર્સ ઓફ ઈફેક્ટ'. તેમને પદ્મશ્રી (1989), સંગીત નાટક અકાદમી પુરસ્કાર (1994), એમ.એસ. સુબ્બુલક્ષ્મી એવોર્ડ, કાલિદાસ સન્માન (2006) જેવા વિવિધ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બાદમાં 2013માં તેમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **એશિયા ઈકોનોમિક ડાયલોગ 2023**

વિદેશ મંત્રાલયે તાજેતરમાં પુણેમાં એશિયા ઈકોનોમિક ડાયલોગનું આયોજન કર્યું હતું. આ સંવાદનું મુખ્ય ધ્યાન ભૂ–અર્થશાસ્ત્ર પર હતું. 'એશિયા એન્ડ ધ ઈમર્જિંગ વર્લ્ડ ઓર્ડર' થીમ હેઠળ તેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંવાદમાં મેટાવર્સમાં ગ્લોબલ સાઉથની ભૂમિકા, G20 એજન્ડાને આકાર આપવા, આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવા વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સંવાદમાં 44થી વધુ દેશોએ ભાગ લીધો હતો. તેમાં મેક્સિકો, માલદીવ, સિંગાપોર, દ.આફ્રિકા, બ્રાઝિલ, અમેરિકા વગેરેનો સમાવેશ થાય છે.

# વિશ્વ

## ➤ Hwasong-15 : ઉત્તર કોરિયાની ઈન્ટરકોન્ટિનેટલ બેલેસ્ટિક મિસાઈલ



Hwasong-15 ઉત્તર કોરિયાની ત્રણ મુખ્ય ICBM (ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ) પૈકીની એક છે. ઉત્તર કોરિયાના તમામ ICBM લિક્વિડ પ્રોપેલન્ટનો ઉપયોગ કરે છે. આ કારણે જ ઉત્તર કોરિયાની મિસાઈલો પશ્ચિમ માટે મોટી મુશ્કેલી અને ચિંતાનો વિષય છે. ઉત્તર કોરિયાની મિસાઈલો ICBMમાં વપરાતા પ્રવાહી ઈંધણ માત્ર નિયંત્રિત સ્થિતિમાં જ સ્થિર રહી શકે છે. ઘન ઈંધણવાળા ICBM શોધવા મુશ્કેલ છે અને ઉત્તર કોરિયા હવે તેનું નિર્માણ કરી રહ્યું છે. HWASONG-15 બે ચેમ્બર ધરાવે છે. અગાઉના વર્ઝન જેમ કે HWASONG14 અને HWASONG12માં માત્ર એક જ ચેમ્બર હતી.

## ➤ નેપાળે લોકશાહી દિવસની ઉજવણી કરી

નેપાળે તાજેતરમાં તેનો લોકશાહી દિવસ ઉજવ્યો હતો. લોકશાહી દિવસ દર વર્ષે ફાલ્ગુન 7ના રોજ ઉજવવામાં આવે છે. ફાલ્ગુન નેપાળનું કેલેન્ડર છે. નેપાળ દેશમાં નિરંકુશ શાસનના અંતની યાદમાં લોકશાહી દિવસની ઉજવણી કરે છે. નેપાળ દેશ 104 વર્ષથી વધુ સમય સુધી રાણા વંશના શાસન હેઠળ હતો. નેપાળીઓએ ભારતીય સ્વતંત્રતા ચળવળમાંથી પ્રેરણા લઈને તેમના રાણા રાજાને ઉથલાવી દીધા હતા. 1949માં એક સામ્યવાદી પક્ષની સ્થાપના કરવામાં આવી હતી. અને નેપાળ સામ્યવાદી પક્ષનું લક્ષ્ય લોકશાહીની સ્થાપના કરવાનું હતું. 1947માં જ્યારે ભારત સંઘની રચના થઈ ત્યારે નેપાળે ભારતમાં જોડાવાની ના પાડી. નેપાળનો ત્રિભુવન રાણા વિરોધી હતો અને છૂપી રીતે કામ કરતો હતો. જેવા સમાચાર રાણા સુધી પહોંચ્યા કે ત્રિભુવન નેપાળમાં લોકશાહી સ્થાપિત કરવા માગે છે, તેમનો જીવ જોખમમાં હતો. આમ તે 1950માં ભારત આવી ગયા હતા અને શ્રી નહેરૂએ તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી જવાહરલાલ નહેરૂની મદદથી ત્રિભુવન, રાણા અને નેપાળી કોંગ્રેસ વચ્ચે ઔપચારિક કરાર થયા હતા તેને દિલ્હી એકોર્ડ કહેવામાં આવે છે. આ સમજૂતી મુજબ ત્રણેય પક્ષો નેપાળમાં લોકતાંત્રિક બંધારણ ઘડવા સંમત થયા હતા. આ પછી ત્રિભુવન નેપાળ પરત ફર્યા હતા. હસ્તાક્ષર કર્યા તેમનું પરત ફરવું નેપાળમાં લોકશાહી દિવસ તરીકે ચિહ્નિત કરવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ NEOM : સાઉદીનું ભાવિ મેગા સિટી

સાઉદી અરેબિયાએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેણે NEOM નામના તેના ભાવિ મેગા સિટીનું 1/5 બાંધકામ પૂર્ણ કર્યુ છે. આ શહેર બનાવવા માટે સાઉદી અરેબિયા 500 બિલિયન યુએસ ડોલરનો ખર્ચ કરી રહ્યો છે. ભવિષ્યના શહેરમાં એન્જિનિયરિંગ પ્રોજેક્ટ્સ સ્વચ્છ ઊર્જા દ્વારા સંચાલિત કરવામાં આવશે. રસ્તાઓ પર કોઈ કાર નહીં હોય. NEOM બે શબ્દો NEO અને M થી બનેલું છે. NEO એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ થાય છે નવું. અને M નામમાં મુસ્તાકબાલ શબ્દ છે, જેનો અર્થ થાય છે ભવિષ્ય. શહેરના નિર્માણનો પ્રસ્તાવ મોહમ્મદ બિન સલમાન દ્વારા લાવવામાં આવ્યો હતો. આ શહેર લાલ સમુદ્રના કિનારે આવેલું છે. આ શહેર લગભગ 26,500 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે. શહેરમાં એરપોર્ટ, ખાડી, તરતા ઔદ્યોગિક સંકુલ વગેરે જેવા દસ અલગ–અલગ ઝોન હશે. નોંધનીય છે કે 2029 એશિયન વિન્ટર ગેમ્સનું આયોજન NEOM દ્વારા કરવામાં આવશે.

## ➤ રશિયાએ ફસાયેલા અવકાશયાત્રીઓને પરત લાવવા માટે સોયુઝ અવકાશયાન લોન્ચ કર્યુ

ફસાયેલા અવકાશયાત્રીઓને પાછા લાવવા માટે Roscosmosએ તાજેતરમાં ખાલી SOYUZ અવકાશયાન લોન્ચ કર્યુ છે. Soyuz MS-22 કેપ્સ્યુલમાંથી શીતક લીક થવાનું શરૂ થયા બાદ ત્રણ અવકાશયાત્રીઓ અવકાશમાં ફસાયા હતા. અવકાશયાત્રીઓ એક કેપ્સ્યુલમાં પૃથ્વી પર પાછા ફરવાના હતા. હવે લીક થવાના કારણે અવકાશયાત્રીઓ સપ્ટેમ્બર સુધીમાં જ પરત ફરી શકશે. લીક માઈક્રોમેટોરોઈડને કારણે થયું હતું. Soyuz MS-22 ત્રણ અવકાશયાત્રીઓ સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી લોન્ચ કરવામાં આવ્યું હતું. તે એક રોટેશનલ મિશન હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





1. તાજેતરમાં નેધરલેન્ડના _____ માં મિલેટરીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો જવાબદાર ઉપયોગ (REAIM 2023) પર વિશ્વની પ્રથમ આંતરરાષ્ટ્રીય સમિટ યોજાઈ હતી. – હેગ
2. 'અરૂણાચલ પ્રદેશ સ્થાપના દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ? – 20 ફેબ્રુઆરી
3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સૌર ક્રાંતિ (Saur Revolution) ક્યા દેશ સાથે સંબંધિત છે ? – અફઘાનિસ્તાન
4. IT એક્ટની કલમ 133A, જે તાજેતરમાં સમાચારોમાં હતી. તેનો ઉપયોગ કઈ ઓફિસમાં સર્વે કરવા માટે કરવામાં આવ્યો હતો ? – BBC

   (IT વિભાગે તાજેતરમાં કલમ 133A અને IT એક્ટ, 1961ની અન્ય જોગવાઈઓ હેઠળ BBC ઓફિસનો સર્વે શરૂ કર્યો હતો. આ કાયદો IT વિભાગને છુપી માહિતી એકત્રિત કરવા માટે સર્વેક્ષણ કરવાની મંજૂરી આપે છે.)
5. ભરતીમાં અન્યાયી માધ્યમોને રોકવા માટે તાજેતરમાં કયા રાજ્યએ સ્પર્ધાત્મક પરીક્ષા વટહુકમને મંજૂરી આપી છે ? – ઉત્તરાખંડ
6. ભારતના મૂડી પ્રાપ્તિ બજેટના કેટલા ટકા સ્થાનિક ઉદ્યોગ માટે નિર્ધારિત કરવામાં આવે છે ? – 75
7. લક્ષ્મી ભંડાર કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજના છે ? – પશ્ચિમ બંગાળ
8. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં ભારતીય સેનાએ મહિલા સ્નો ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યુ હતું ? – જમ્મુ અને કાશ્મીર
9. ગ્લોબલ ટેક સમિટ (GTS) 2023નું યજમાન કોણ છે ? – વિશાખાપટ્ટનમ
10. કયો દેશ 'મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સ'નું આયોજન કરી રહ્યો છે ? – જર્મની
11. 'ecDNA'નો અર્થ શું છે. જે વૈજ્ઞાનિકોને તાજેતરમાં કેન્સરના ફેલાવા માટે મદદરૂપ એજન્ટ હોવાનું જણાયું છે ? – extrachromosomal DNA
12. તાજેતરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રીએ મહારાષ્ટ્રના _____ માં વિશ્વના સૌથી મોટા અને અનન્ય દિવ્યાંગ પાર્ક–અનુભૂતિ સમાવિષ્ટ પાર્કનો શિલાયન્સ કર્યો હતો. – નાગપુર
13. ભારતીય નૌકાદળ દ્વારા વિકસિત સ્વદેશી ડેટા લિંક કોમ્યુનિકેશનનું નામ શું છે ? – વાયુલિંક (એરલિંક)
14. ઉબેર અને _____ એ 25000 ઈલેક્ટ્રિક વાહનો માટે ડીલ પર હસ્તાક્ષર કર્યા છે ? – ટાટા
15. ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI)એ સશસ્ત્રો દળો સંબંધિત સાહસ બનાવવા માટે કયા ભારતીય સંગઠન સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – BEL

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. તાજેતરમાં ચર્ચામાં રહેલ અમૃત નગરોથાન યોજના કયા રાજ્યમાં લાગુ છે ? – કર્ણાટક

17. ‘ગ્લોબલ લેબર રેઝિલિયન્સ ઈન્ડેક્સ 2023’ અનુસાર કયા સેક્ટરમાં શ્રમ બજારની સ્થિતિ સ્થાપકતા વધુ છે ? – ઉત્તર અમેરિકા

18. 24 ફેબ્રુઆરી, 2023ના રોજ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના _____ વર્ષ પૂર્ણ થયા છે. – 4

19. તાજેતરમાં ભારતીય સબમરીન _____ એ ઈન્ડોનેશિયામાં ડોક કરી હતી. – INS સિંધુ કેસરી

20. તાજેતરમાં કયા દેશે Zhongxing-26 સેટેલાઈટ લોન્ચ કર્યો છે ? – ચીન

21. _____ માં ઓફ–બીટ પર્યટન સ્થળને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ફેબ્રુઆરી, 2023માં સિન્થન ટોપનો માર્ગ પ્રથમ વખત ખોલવામાં આવ્યો હતો. – જમ્મુ–કાશ્મીર

(સિન્થન ટોપ એ અનંતનાગ જિલ્લાની બ્રેંગ ખીણ અને જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ વચ્ચે સ્થિત એક ઉચ્ચ પર્વતીય માર્ગ છે.)

22. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં _____ ના સેવાધામ ખાતે ‘પ્રાકૃતિક સંશાધન વ્યવસ્થાપન અને પ્રકલ્પ કાર્યાવલોકન’ કાર્યક્રમ યોજાયો હતો. – આહવા

23. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _____ માં યોજાયેલી U20-અર્બન સમિટની પ્રથમ શેરપા બેઠકનું ઉદ્દઘાટન કર્યું હતું. – અમદાવાદ

24. અલ્ટ્રાસેટ કયા દેશનું પ્રથમ ટેલિસ્કોપ મિશન છે ? – ઈઝરાયેલ

25. ‘ધ મુકાબ’ કયા દેશ સાથે સંબંધિત નવો વિકાસ પ્રોજેક્ટ છે ? – સાઉદી અરેબિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





ICE www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot



Registration Now

# નકશા નં - 5

## ગુજરાત — સરોવર અને તળાવ



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT